

વિ.સં.૨૦૭૨ માં...

શ્રી સિદ્ધગિરિરાજની પવિત્ર છાયામાં...

પાલિતાણામાં આયોજિત

# વિરાટ તપાગચ્છીય શ્રમણસંમેલનના ઠરાવો





**છત્રછાયા**

શત્રુંજય તીર્થાધિપતિ આદીશ્વર ભગવાન

# સંમેલનના સફળ સૂત્રધારો



રાષ્ટ્રસંત પૂ.આ.
શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.



તપાગચ્છાધિપતિ પૂ.આ.
શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મ.સા.



ગચ્છનાયક પૂ.આ.
શ્રી વિ. હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.



ગચ્છાધિપતિ પૂ.આ.
શ્રી વિ. અભયદેવસૂરીશ્વરજી મ.સા.



ગચ્છાધિપતિ પૂ.આ.
શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મ.સા.



ગચ્છાધિપતિ પૂ.આ.
શ્રી દોલતસાગરસૂરીશ્વરજી મ.સા.

॥ શત્રુંજયતીર્થાધિરાજ શ્રી આદિનાથાય નમઃ ॥
॥ ચરમતીર્થપતિ શ્રી મહાવીરસ્વામિને નમઃ ॥
॥ નમો નમઃ શ્રી જિનશાસનાય ॥

વિ.સં.૨૦૭૨માં...
શ્રી સિદ્ધગિરિરાજની પવિત્ર છાયામાં...
પાલિતાણામાં આયોજિત

# વિરાટ તપાગચ્છીય શ્રમણસંમેલનના ઠરાવો

૧૮-૧૮ તપાગચ્છીય
શ્રમણ સમુદાયોએ સર્વસંમતિથી કરેલ ઠરાવોની
ઉપયોગી સમજ સહિતની પુસ્તિકા

| સંમેલન પ્રારંભ | સંમેલન સમાપ્તિ |
|---|---|
| વિ.સં.૨૦૭૨, ફાગણ વદ ૩ | વિ.સં.૨૦૭૨, ફાગણ વદ ૧૦ |
| શનિવાર, તા.૨૬.૦૩.૨૦૧૬ | શનિવાર, તા.૦૨.૦૩.૨૦૧૬ |

સંમેલન ફલશ્રુતિ ઉદ્‌ઘોષણા મહાસભા
વિ.સં.૨૦૭૨, ફાગણ વદ ૧૧, રવિવાર, તા.૦૩.૦૪.૨૦૧૬
પારણા ભવન, પાલિતાણા.

✻ પ્રકાશક ✻
અખિલ ભારતીય તપાગચ્છીય શ્રમણોપાસક જૈન સંઘ

**✻ પ્રેરણા-આશીર્વાદ**

પ.પૂ. તપાગચ્છાધિપતિ આચાર્યદેવ
શ્રી વિજય **પ્રેમસૂરીશ્વરજી** મ.સા.

**શુભનિશ્રા ✻**

રાષ્ટ્રસંત પ.પૂ. આચાર્યદેવ
શ્રી **પદ્મસાગરસૂરીશ્વરજી** મ.સા.

**✻ સંમેલનના સંપૂર્ણ માર્ગદર્શક-પ્રવર સમિતિના પૂજ્યો ✻**

પ.પૂ. તપાગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી વિજય **પ્રેમસૂરીશ્વરજી** મ.સા.

પ.પૂ. ગચ્છનાયક આચાર્યદેવ શ્રી વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મ.સા.

પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ.સા.

પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી વિજય **અભયદેવસૂરીશ્વરજી** મ.સા.

પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી **દોલતસાગરસૂરીશ્વરજી** મ.સા.

**✻ પ્રકાશન તિથિ ✻**

વિ.સં.૨૦૭૨, અષાઢ સુદ ૨, બુધવાર તા.૬.૭.૨૦૧૬

**પ્રથમાવૃત્તિ : 10000 પ્રત**

**✻ પ્રાપ્તિસ્થાન ✻**

■ **અમદાવાદ : પંડિત શ્રી વસંતલાલ મફતલાલ દોશી**
B-004, પુષ્કર એપાર્ટમેન્ટ નં.4, વીતરાગ સોસાયટીના દેરાસર સામે, પી.ટી. કોલેજ રોડ,
પાલડી, અમદાવાદ-380007. મો. 9925138049

■ **અમદાવાદ**
**કનુભાઈ એફ. દોશી (નવસારી)**
પંડિત રૂપવિજય મ.સા. ડહેલાનો ઉપાશ્રય,
દોશીવાડાની પોળ,
કાળુપુર, અમદાવાદ-380001.
મો. 9824113049

**સુરત** ■
**ડૉ. સંજય બી. શાહ,** શુભમંગલ ફાઉન્ડેશન
ગુરુરામ પાવનભૂમિ, પાલ હજીરા રોડ
જગદીશચંદ્ર બોઝ ગાર્ડન પાસે,
પાલ, સુરત-395009
મો. 9825121455

■ **મુંબઈ**
**નિરંજનભાઈ ચોકસી**
**શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસર**
વિજય વલ્લભ ચોક, પાયધુની,
મુંબઈ-400003.
ફોન : 022-23463156

**મુંબઈ** ■
**મુકેશભાઈ મગનલાલ દોશી**
ક્રિસ્ટલ (મુકેશ ગ્રુપ ઓફ કંપની)
ફોર્ચ્યુન 2000, યુનિટ નં.A/103, C વિંગ
ગ્રાઉન્ડ ફ્લોર, BKC બાંદ્રા (ઈ), મુંબઈ-400051
ફોન : 022-26592659

# સંવત ૨૦૭૨ તપાગચ્છીય શ્રમણ સંમેલન
# લાભાર્થી પરિવારો

પૂ. તપાગચ્છાધિપતિ આ.ભ.શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી

**બંસરીબેન બકુલભાઈ ઝવેરી પરિવાર**

*

રાષ્ટ્રસંત પૂ. આ.ભ.શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી

**શ્રી મહુડી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ટ્રસ્ટ-મહુડી**

*

પ.પૂ. ગચ્છાધિપતિ આ.ભ.શ્રી વિ. હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી

**મુકેશભાઈ મગનલાલ દોશી પરિવાર, જેસરવાળા-ઘાટકોપર મુંબઈ**

*

પ.પૂ. ગચ્છાધિપતિ આ.ભ.શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી

**કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ, ડૉ. સંજયભાઈ શાહ, સુરત**

*

પ.પૂ. ગચ્છાધિપતિ આ.ભ.શ્રી વિ. અભયદેવસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી

**તારાચંદજી દાનમલજી દોશી-મંડાર 'કંકુતારા' મુંબઈ**

**તારાચંદજી વર્ધીચંદજી કોઠારી-મંડાર 'લીલાતારા' મુંબઈ**

**મણીબેન અમુલખભાઈ સવાણી-ધાનેરા, 'કીશોર જીવદયા' એન્ટવર્પ**

**પોપટલાલ અગરાજી શાહ-જાખડી, મુંબઈ**

**માતુશ્રી સવિતાબેન નગીનદાસ કંપાણી તથા**

**માતુશ્રી નિર્મળાબેન મોહનલાલ શાહ (કસ્તુરધામ-પાલીતાણા)**

*

પ.પૂ. ગચ્છાધિપતિ આ.ભ. શ્રી દોલતસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી

**સાગર સમુદાયના ગુરુભક્તો**

# ...અંતરના ઉદ્ગાર...

શાસનપતિ પરમાત્મા શ્રી મહાવીરપ્રભુએ પ્રવર્તાવેલ એકાંતહિતકર લોકોત્તર ધર્મશાસનને અવિચ્છિન્નપણે આપણા સુધી પહોંચાડવામાં સૌથી મહાન ઉપકાર હોય તો તે છે શ્રમણસંઘનો. શાસનધુરીણ આચાર્યાદિ પૂજ્ય ભગવંતોનો એ શ્રમણસંઘ સ્વઆરાધનાની સાથોસાથ પ્રભુશાસનની પ્રભાવનાનું અને રક્ષાનું કર્તવ્ય સન્નિષ્ઠપણે અદા કરતો રહે છે. એનાથી સમસ્ત ચતુર્વિધ શ્રીસંઘનું યોગ-ક્ષેમ થતું હોય છે.

પ્રભુશાસનની એ ઉજ્જવલ પરંપરા અનુસાર, સાંપ્રત પ્રભુશાસનના સૌથી વિરાટ તપાગચ્છીય શ્રમણસંઘના અધિનાયક પૂ. આચાર્યભગવંતોની સર્વોચ્ચ 'પ્રવરસમિતિ'ના ગુરુદેવો પૂ. તપાગચ્છાધિપતિ આ.ભ. **શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી** મ.સા., પૂ. ગચ્છનાયક આ.ભ. **શ્રી વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી** મ.સા., પૂ. ગચ્છાધિપતિ આ.ભ. **શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી** મ.સા., પૂ. ગચ્છાધિપતિ આ.ભ. **શ્રી વિજય અભયદેવસૂરીશ્વરજી** મ.સા., પૂ. ગચ્છાધિપતિ આ.ભ. **શ્રી દોલતસાગરસૂરીશ્વરજી** મ.સા.એ ચતુર્વિધ સંઘના યોગ-ક્ષેમ માટે વિ.સં.૨૦૭૨ ના ફાગણ વદિ ૩ થી ૧૦ દરમ્યાન શ્રી સિદ્ધગિરિરાજની પુણ્યપનોતી છાયામાં, પાલિતાણા મધ્યે તપાગચ્છના સમસ્ત સમુદાયોનું વિરાટ શ્રમણસંમેલન યોજવાનો નિર્ણય કર્યો અને તપાગચ્છના દરેક શ્રમણસમુદાયોને આગોતરી જાણ સાથે આ અંગે આમન્ત્રણ આપ્યું. તે મુજબ, તપાગચ્છીય સમુદાયો પૈકી મહત્તમ ૧૮ સમુદાયોએ પૂ. રાષ્ટ્રસંત આ.ભ. **શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી** મ.સા. તથા ગચ્છનાયક આ. **શ્રી વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી** મ.સા.ની નિશ્રામાં અને પૂ. ગચ્છાધિપતિ આ. **શ્રી વિજય અભયદેવસૂરીશ્વરજી** મ.સા.ના સફળ સંચાલન હેઠળ આ શ્રમણસંમેલનના તમામ ચર્ચાસત્રોમાં ઉમંગથી ભાગ લઈને શાસ્ત્ર, શાસ્ત્રમાન્ય સુવિહિત પ્રાચીન પરંપરા અને દ્રવ્ય-ક્ષેત્રાદિ ભાવોને લક્ષ્યમાં રાખી ગહન મંથનપૂર્વક ૬૩ સર્વસંમત ઠરાવો કર્યા.

શ્રમણસંમેલનના એ પુણ્યવંતા દિવસોમાં પાલિતાણાની પવિત્ર ભૂમિ મંદિરનગરી-મૂર્તિનગરીની સાથોસાથ જાણે કે મુનિનગરી બની ગઈ હતી. સંમેલનના પૂર્વદિન: ફાગણ વદિ બીજે શેઠ આણંદજી કલ્યાણજી પેઢી તરફથી યોજાયેલ શ્રમણસંઘનાં શાનદાર સામૈયાં તથા શ્રી માણિભદ્રવીર-ક્ષેત્રપાલ પૂજન બાદ ગિરિરાજની જયતળેટીમાં વર્ધમાનશક્રસ્તવપાઠયુક્ત મહાભિષેકવિધાન, શ્રમણસંમેલનના પ્રતિદિનના બન્ને ચર્ચાસત્રોમાં પૂજ્ય ગુરુભગવંતોના આગમન સમયે સ્વયંભૂ ઉલ્લાસથી સેંકડો પૂ. શ્રમણીભગવંતો દ્વારા 'જયતુ શ્રમણસમ્મેલનમ્'ના મંજુલ મંગલ નાદો, વિવિધ ગામ-નગરોમાંથી રોજેરોજ ઊમટતાં સેંકડો

શ્રાવક-શ્રાવિકાઓ દ્વારા સાચા મોતી-અક્ષતાદિથી થતા ઊર્મિભર્યાં વધામણાં, દરેક ચર્ચાસત્રોમાં ૧૮ ગચ્છાધિપતિઓ કે તેમના પ્રતિનિધિઓ સહિત કુલ ૭૫ આચાર્યભગવંતો અને છસો શ્રમણો દ્વારા શાસ્ત્રસાપેક્ષ ચર્ચા-વિચારણા, ફાગણ વદિ ૧૧ ની ઉદ્‌ઘોષણા મહાસભામાં એક જ મંચ ઉપર સાતસો શ્રમણ ભગવંતોના અને અન્ય એક મંચ પર એક સાથે બે હજાર શ્રમણી ભગવંતોનાં પાવન દર્શન : આ તમામ ઐતિહાસિક ઘટનાને પ્રત્યક્ષ નિહાળનાર પુણ્યવાનો ખરેખર ધન્ય થઈ ગયા. જાણે પેલી પંક્તિનો સાક્ષાત્કાર થયો કે **"તે દૃશ્ય ત્યારે જેમણે માણ્યું હશે તે ધન્ય છે..."**

**ઉદ્‌ઘોષણા મહાસભાનાં માધ્યમે આ શ્રમણસંમેલનને પ્રત્યક્ષપણે કુલ ૨૭૦૦ શ્રમણ-શ્રમણીભગવંતો તથા ભારતભરમાંથી ઉપસ્થિત વિવિધ જૈન સંઘોના અગ્રણીઓયુક્ત સાત હજારથી વધુ તપાગચ્છીય શ્રાવક-શ્રાવિકાઓએ માણ્યું છે, તો ભારતભરમાં મળીને કુલ ૨૨૫ થી વધુ આચાર્યદેવો સહિત ૭૮૦૦ તપાગચ્છીય શ્રમણ-શ્રમણીભગવંતો અને હજારો જૈન સંઘો-લાખો જૈનોએ સહર્ષ વધાવી લીધું છે.** આ પૂર્વે, અંતિમ સૈકામાં વિશાલ ફલકના શ્રમણસંમેલનો વિ.સં.૧૯૯૦, વિ.સં.૨૦૧૪ તથા વિ.સં.૨૦૪૪માં યોજાયા હતા અને તત્કાલીન શાસનધુરીણ સૂરિભગવંતોએ તેનાં માધ્યમે યથાશક્ય ઉત્તમ શાસનસેવા કરી હતી. પરંતુ એ એક નિર્વિવાદ હકીકત છે કે અંતિમ સૈકામાં યોજાયેલ તમામ શ્રમણસંમેલન કરતાં આ શ્રમણસંમેલન સંખ્યાની દૃષ્ટિએ સૌથી વિરાટ હતું. શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રી સંવેગભાઈ લાલભાઈએ શ્રમણસંમેલનના પૂર્વદિનની સ્વાગતયાત્રામાં ઉપસ્થિત રહીને શુભેચ્છા વક્તવ્ય આપ્યું હતું, તો અંતિમ દિનની ઉદ્‌ઘોષણા મહાસભામાં પણ અથેતિ ઉપસ્થિત રહીને અનુમોદના વક્તવ્ય આપ્યું હતું.

અંતે, પૂ.આ.ભગવંતો દ્વારા શ્રી સંઘ-શાસનના હિતમાં સળંગ આઠ દિવસ ગંભીરતાથી ચિંતન કરી જે ઠરાવો કર્યા છે તે ઠરાવના સુંદર અમલ દ્વારા સમસ્ત સંઘ સ્વઆરાધનામાં અને શાસનની સેવામાં ઉજમાળ બની મોક્ષમાર્ગ તરફ આગળ વધે એ જ અંતર-અભિલાષા.

**તપાગચ્છીય શ્રમણ સંમેલન નિયુક્ત શ્રાવક સમિતિ વતી**
**શ્રેષ્ઠિવર્ય શ્રી સંવેગભાઈ લાલભાઈ, પં. શ્રી ધીરજલાલભાઈ મહેતા, પં. શ્રી વસંતભાઈ દોશી**
**શ્રેષ્ઠિવર્ય શ્રી મુકેશભાઈ દોશી, શ્રેષ્ઠિવર્ય શ્રી ડૉ. સંજયભાઈ શાહ, પં. શ્રી કનુભાઈ દોશી**
**શ્રેષ્ઠિવર્ય શ્રી નિરંજનભાઈ ચોકસીના સબહુમાન પ્રણામ**

# વિરાટ તપાગચ્છીય શ્રમણસંમેલનની સમાંતર સંમેલન (!) : સચ્ચાઈની ભીતરમાં...

પરમતારક પરમાત્મા શ્રી મહાવીરપ્રભુનાં આ સકલજીવહિતકર શાસનની ગરિમા વધુ દીપ્તિમંત બનાવવા કાજે અને શાસનના વિવિધ અંગોને એકવાક્યતાસભર ઉચિત માર્ગદર્શન મળે તે માટે, સાંપ્રતકાલીન પ્રભુશાસનના સૌથી વિરાટ તપાગચ્છના વિવિધ સમુદાયોના ઘણા શ્રમણભગવંતો ચિંતનશીલ હતા. છેલ્લાં વર્ષોમાં મુંબઈ-અમદાવાદ-સુરત આદિ સ્થળે ચાતુર્માસ દરમ્યાન, સ્થાનિક સ્તરે મુનિમિલનો થતા હતા અને તેમાં બૃહત્ શ્રમણસંમેલન યોજવાની અભિલાષા પૂ. આચાર્યાદિ ભગવંતો દ્વારા વ્યક્ત થતી હતી.

આ અભિલાષાઓની ફલશ્રુતિરૂપે વિ.સં.૨૦૭૧ ના અષાઢ માસમાં 'પ્રવરસમિતિ' દ્વારા શ્રી સિદ્ધગિરિરાજની છાયામાં પાલિતાણાનગરે તપાગચ્છીય શ્રમણસંમેલન યોજવાનો નિર્ણય કરાયો. તેની આગોતરા આમન્ત્રણ સમી પ્રાથમિક જાણ તપાગચ્છના દરેક સમુદાયને કરાઈ અને દરેક સમુદાયની સંમતિ પણ આવી. ધ્યાનમાં રહે કે પ્રવરસમિતિએ કોઈ સમુદાયને બાકાત રાખવાનું નહિ, બલ્કે સર્વ સમુદાયોનો સમાવેશ કરવાનું ઉદાર વલણ દાખવ્યું હતું. તે વિના દરેક સમુદાયને આમન્ત્રણ પાઠવાયું ન હોત. શ્રમણસંમેલન યોજવાનું જાહેર થયા બાદ, પર્યુષણ પૂર્વે અને પછી મુંબઈ-અમદાવાદ-સુરત આદિ સ્થળે ચાતુર્માસસ્થિત ગુરુભગવંતોની નિશ્રામાં તે તે શહેરોના અગ્રણી શ્રાવકો આદિની સભાઓ થઈ. જેમાં દરેક સમુદાય તરફથી શ્રાવકોની હાજરી હતી. તેઓએ પણ પોતાને મૂંઝવતા પ્રશ્નો પ્રવરસમિતિને પાઠવ્યા.

ઉલ્લાસભર્યા આ માહોલમાં, સંમેલનના નિયમો-પ્રાથમિક એજન્ડા-સમિતિરચનાદિ કાર્યો શરૂ થયાં હવે સંમેલન માટે જરૂરી નીતિનિયમોની રચના અવસર પ્રાપ્ત જણાતાં તે માટે આસો શુદિ એકમે પ્રવરસમિતિ તરફથી શ્રમણસંમેલન સંબંધી નીતિ-નિયમો દર્શાવતો પરિપત્ર દરેક સમુદાયોને પાઠવાયો. **આ પરિપત્ર એક સમુદાય માટે**

**અલગ અને અન્ય સમુદાયો માટે અલગ : આ રીતનો ન હતો. બલ્કે દરેક સમુદાય માટે એક સમાન હતો.** તેમાં તપાગચ્છના ૧૮ સમુદાયોએ કોઈ સંકોચ વિના સહીઓ કરી. એક સમુદાયે (જે પાછળથી સમાંતર સંમેલનમાં જોડાઈ ગયો તેણે) કેટલોક સમય ચર્ચા કરીને એ જ નીતિ-નિયમોને આધીન સહી કરી હતી.

સહી ન કરનાર સમુદાયનો વાંધો મુખ્યત્વે પરિપત્રની કલમ નં.૨ અંગે હતો. આ કલમમાં એ ભાવની રજૂઆત હતી કે સંમેલનના નિર્ણયો સર્વસંમતિથી કરવાના પૂર્ણ પ્રયત્નો રહેશે, પરંતુ કોઈ વિશિષ્ટ અત્યંત જરૂરી બાબતો હશે ને સર્વસંમતિ નહિ સધાઈ હોય તો ગીતાર્થ ગચ્છાધિપતિ ભગવંતો દ્વારા શાસ્ત્ર અને શાસ્ત્રમાન્ય સુવિહિત પરંપરાને ધ્યાનમાં રાખીને બહુમતીથી પણ નિર્ણય લઈ શકાશે. આ કલમ અંગે તેઓનો વાંધો **'શાસ્ત્રદૃષ્ટિસહિત અનેક રીતે નિરર્થક છે'** એમ સમજાવીને તેઓને સાથે લેવા કાજે શ્રમણસંમેલનના જૂજ દિવસો પૂર્વે પાલિતાણામાં જ વરિષ્ઠ પૂ. આચાર્યદેવો સહિતના ગુરુભગવંતોએ તેમની સાથે વિમર્શબેઠક કરી. તેમાં તેમની વાત અનેક દૃષ્ટિએ બરાબર ન હોવાનું વિસ્તારથી પ્રેમપૂર્વક સમજાવાયું. પરંતુ તેઓ તેમના હઠાગ્રહ પર કાયમ રહ્યા. તે પછી ય શ્રમણસંમેલનની પૂર્વસન્ધ્યા સુધી સમજાવટના પ્રયાસ જારી રહ્યા. શેઠ આણંદજી કલ્યાણજી પેઢીએ પણ આ અંગે ખૂબ પ્રયત્નો કર્યા. પરંતુ તેઓ કોઈ રીતે સંમત ન થયા. તે પછી તેઓએ એકાએક જ, શ્રી સંઘના શ્રમણસંમેલનના મંગલ પ્રારંભ દિને પોતાના માત્ર ત્રણ સમુદાયો પૂરતું સમાંતર સમંલેન શરૂ કરીને બીજા દિવસે અખબારી જાહેર નિવેદન આપી પ્રવરસમિતિ પર દોષારોપણ કર્યું. આશ્ચર્ય તો એ છે કે એમનું કહેવાતું સંમેલન શરૂ થયાના બીજા દિવસે-ફાગણ વદિ ચોથે ઉપરોક્ત નિવેદન આવ્યું અને તેમાં પોતાનું સંમેલન ફાગણ વદિ ત્રીજે શરૂ થશે તેમ લખાયું. ગંભીરતાથી વિચાર કરનાર વર્ગની દૃષ્ટિએ તેમનું આ કથિત સંમેલન હાસ્યાસ્પદ ચેષ્ટાથી વિશેષ કાંઈ ન હતું.

**વિરોધ કરનાર મુખ્ય સમુદાયે પોતાના સમુદાય અંગેના વિષયોમાં ૧૦ મી કલમ આ ભાવની રાખી છે કે શાસનના મહત્ત્વના પ્રશ્નોમાં (એમના સમુદાયમાં) સર્વસંમતિ ન સધાય તો પોતાને (અર્થાત્ ગચ્છાધિપતિને) અને (ત્રણ પૈકી) બે સંચાલકને સંમત નિર્ણય કરવાનો રહેશે... આમાં સ્પષ્ટપણે સર્વસંમતિ ન સધાય તો બહુમતીની જ વાત છે.** ૧૦ મી કલમ અંગે એમનામાં

આંતરિક વિરોધ થયા બાદ પણ એમણે છેલ્લે આ જ વાત સ્વીકૃત રાખેલ છે. **જે સમુદાયે શાસનના મહત્ત્વના પ્રશ્નોમાં પોતાના સમુદાય માટે, સર્વસંમતિ ન થાય તો બહુમતીનો વિકલ્પ સ્વીકાર્યો છે એ સમુદાયને સમગ્ર તપાગચ્છના સંદર્ભમાં આ જ નિયમનો વિરોધ કરવાનો નૈતિક પણ અધિકાર કઈ રીતે હોઈ શકે ? ન જ હોઈ શકે,** એમ સુજ્ઞ વાચક સ્વયં સમજી શકે છે.

ઉપરોક્ત વાત શાસ્ત્રવચનોથી પણ સિદ્ધ જ છે. તે આ પ્રમાણે :

'ધર્મરત્નપ્રકરણ' ગ્રન્થની ગાથા નં.૮૦ નો પૂર્વાર્ધ આ છે કે : "मग्गो आगमनीई, अहवा संविग्ग**बहुजणाइण्णं**..." ભાવાર્થ કે આગમનીતિ માર્ગ છે અથવા સંવિગ્ન **બહુ** ગીતાર્થ જનોએ આચર્યું હોય તે માર્ગ છે. આમાં સંવિગ્ન **બહુજન** લખ્યું છે, **સર્વજન** નહિ. આ ખાસ ધ્યાનમાં લેવા જેવી વાત છે. તેની ટીકામાં જણાવાયું છે કે : "द्रव्य-क्षेत्र-काल-भाव-पुरुषाद्यौचित्यमालोच्य संयमवृद्धिकार्येव किञ्चिदाचरन्ति तच्चाऽन्येऽपि संविग्नगीतार्थाः प्रमाणयन्तीति स मार्गोऽभिधीयते ।" ભાવાર્થ કે તે બહુ ગીતાર્થજનો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-વ્યક્તિના સંયોગો આદિ વિચારીને જે સંયમવૃદ્ધિકારી આચરે છે તેને **અન્ય=શેષ સંવિગ્ન ગીતાર્થો પણ પ્રમાણિત કરે છે** અને તે માર્ગ કહેવાય છે.

જેઓ આ વાત નથી સ્વીકારતા તેમના માટે તે ટીકામં આ કડક પ્રરૂપણા કરાઈ છે કે : "ये पुनर्मोहान्धा गीतार्थाचरितं मार्गमितरजनाचरितानि निदर्शनीकृत्य निर्लोठयन्ति ते वराका वयमागमरुचय इति मृषैवोद्घोषयन्ति ।" ભાવાર્થ કે જે જીવો મોહાંધ બનીને, ગીતાર્થપુરુષોએ આચરેલ બાબતને અન્ય યદ્વા તદ્વા જનોએ આચરેલ બાબત સાથે સરખાવી તેનું નિર્લોઠન-અવમૂલ્યન કરે છે તેઓ બિચારા 'અમે જ આગમરુચિવાળા છીએ' તેવી મૃષા-ખોટી ઉદ્‌ઘોષણા કરે છે.

ઉપરોક્ત શાસ્ત્રવચનો વાંચતા ચોક્કસ સ્પષ્ટતા થઈ જશે કે એ વર્ગનો વિરોધ ગલત છે. આવા અન્ય શાસ્ત્રપાઠ પણ છે.

❋ જે વર્ગે વિ.સં.૨૦૪૪ ના બે સિવાય સર્વ તપાગચ્છીય સમુદાયોના 'રાજનગર શ્રમણસંમેલન' માટે 'મર્યાદિત મુનિ સંમેલન' જેવો શબ્દપ્રયોગ કર્યો છે, એ જ વર્ગ આજે પોતાના ફક્ત ત્રણ સમુદાયના થોડાક શ્રમણોના મિલનને 'તપાગચ્છીય

શ્રમણસંમેલન' નામ આપીને પ્રચાર કરે છે. શું આ 'અમે જ તપાગચ્છ' આવી મિથ્યા ભ્રમણાની દ્યોતક બાબત નથી ? વિ.સં.૨૦૭૨ ના આ વર્ષના સંમેલન અંગે વાચક સ્વયં વિચારે કે સર્વ સમુદાયોને જેમાં આમંત્રણ અપાયું હોય અને ૧૮ સમુદાયોનું જેને સમર્થન હોય તેને 'તપાગચ્છીય શ્રમણસંમેલન' કહેવાય કે ફક્ત ૩ સમુદાયોનું સમર્થન જેને હોય તેને 'તપાગચ્છીય શ્રમણસંમેલન' કહેવાય ?

અંતમાં એ જણાવવાનું કે તપાગચ્છીય શ્રમણ સંમેલનના પ્રણેતાઓએ આટલી ઉદારતા અને સમન્વયવૃત્તિ રાખ્યા બાદ પણ એ વર્ગે જાહેર અખબારમાં પ્રવરસમિતિ પર દોષારોપણ કર્યું ત્યારે, પ્રવરસમિતિએ ઉદાત્ત ગાંભીર્ય દાખવીને એ વાતના ઉલ્લેખ વિના માત્ર શ્રમણસંમેલનની કાર્યવાહી સંબંધી જ અખબારી નિવેદન કર્યું. પરંતુ તેઓએ પોતાની ઠરાવપુસ્તિકામાં પુનઃ એ જ નિવેદન પ્રકાશિત કરવા ઉપરાંત એ પુસ્તિકામાં અન્યત્ર પણ દોષારોપણ કરતાં આ વાસ્તવિક હકીકતોની સ્પષ્ટતા કરવી પડી છે. આમાં કોઈને ય ઉતારી પાડવાનો કે કોઈનું મન દુભવવાનો લેશમાત્ર આશય નથી. આ નિવેદનના વાચન દ્વારા સહુ આરાધકો સત્ય સમજી તપાગચ્છની મુખ્ય ધારામાં રહેવા સાથે મોક્ષમાર્ગની આરાધનામાં આગેકદમ કરે એ જ અંતર-અભિલાષા...

## હાર્દિક વન્દના સાથે ઋણ સ્વીકાર

✲ જેમની છત્રછાયાના પ્રભાવે તપાગચ્છીય શ્રમણસંમેલન નિર્વિઘ્નપણે સંપન્ન થયું તે
**શ્રી આદીશ્વર દાદા.**

✲ જેઓશ્રીની હાર્દિક ભાવના અને પ્રેરણાથી શ્રમણ સંમેલનનું આયોજન થયું તે
પૂ.તપાગચ્છાધિપતિ **આ.ભ.શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મ.સા.**

✲ જેઓશ્રીએ શ્રમણસંમેલનને નિશ્રા પ્રદાનપૂર્વક ઉપયોગી પ્રાસંગિક માર્ગદર્શન આપ્યું તે
પૂ.રાષ્ટ્રસંત **આ.ભ.શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.**

✲ જેઓશ્રીના સંપૂર્ણ માર્ગદર્શનથી શ્રમણસંમેલન સવાયી સફલતા વર્યું અને જેમણે આ પુસ્તિકાનું સાદ્યંત પરિમાર્જન કર્યું છે તે પ્રવરસમિતિના ગુરુભગવંતો

(૧) પૂ.તપાગચ્છાધિપતિ **આ.ભ.શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મ.સા.**
(૨) પૂ.ગચ્છનાયક **આ.ભ.શ્રી વિ. હેમચન્દ્રસૂરીશ્વરજી મ.સા.**
(૩) પૂ.ગચ્છાધિપતિ **આ.ભ.શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મ.સા.**
(૪) પૂ.ગચ્છાધિપતિ **આ.ભ.શ્રી વિ. અભયદેવસૂરીશ્વરજી મ.સા.** અને
(૫) પૂ.ગચ્છાધિપતિ **આ.ભ.શ્રી દોલતસાગરસૂરીશ્વરજી મ.સા.**

✲ જેઓશ્રીએ શ્રમણસંમેલનનું ખૂબ સરસ સંચાલન કર્યું તે
પૂ.ગચ્છાધિપતિ **આ.ભ.શ્રી વિ. અભયદેવસૂરીશ્વરજી મ.સા.**

✲ શ્રમણ સંમેલનની વિચારણાસૂચિ(એજેન્ડા) માટે આવેલ અલગ અલગ ૭૦૦ જેટલા મુદ્દાઓનું દોહન કરીને જેઓએ પરસ્પર સંલગ્ન કર્યા તે વિચાર વિમર્શ સમિતિના ગુરુભગવંતો ....

૧. પ.પૂ. શાસનપ્રભાવક **આ.ભ.શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.**
૨. પ.પૂ. શાસનપ્રભાવક **આ.ભ.શ્રી વિ. કલ્પજયસૂરીશ્વરજી મ.સા.**
૩. પ.પૂ. શાસનપ્રભાવક **આ.ભ.શ્રી વિ. અભયશેખરસૂરીશ્વરજી મ.સા.**
૪. પ.પૂ. શાસનપ્રભાવક **આ.ભ.શ્રી વિ. રાજયશસૂરીશ્વરજી મ.સા.**
૫. પ.પૂ. શાસનપ્રભાવક **આ.ભ.શ્રી વિ. શીલચંદ્રસૂરીશ્વરજી મ.સા.**
૬. પ.પૂ. શાસનપ્રભાવક **આ.ભ.શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મ.સા.**
૭. પ.પૂ. શાસનપ્રભાવક **આ.ભ.શ્રી વિ. ધર્મધુરંધરસૂરીશ્વરજી મ.સા.**
૮. પ.પૂ. શાસનપ્રભાવક **આ.ભ.શ્રી વિ. રાજશેખરસૂરીશ્વરજી મ.સા.**
૯. પ.પૂ. શાસનપ્રભાવક **આ.ભ.શ્રી વિ. જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા.**
૧૦. પ.પૂ. શાસનપ્રભાવક **આ.ભ.શ્રી વિ. રાજરત્નસૂરીશ્વરજી મ.સા.**
૧૧. પ.પૂ. શાસનપ્રભાવક **આ.ભ.શ્રી વિ. ભાગ્યેશસૂરીશ્વરજી મ.સા.**
૧૨. પ.પૂ. શાસનપ્રભાવક **આ.ભ.શ્રી વિ. મુક્તિનિલયસૂરીશ્વરજી મ.સા.**
૧૩. પ.પૂ. શાસનપ્રભાવક **આ.ભ.શ્રી વિ. કલ્પતરુસૂરીશ્વરજી મ.સા.**

તેમજ તેમના સહયોગી બનેલ સર્વ મુનિ ભગવંતો...

* ધર્મદ્રવ્ય વ્યવસ્થાનું સાદ્યંત લખાણ (અનેક આચાર્ય ભગવંતોના સહયોગથી) જેઓ તૈયાર કરી રહ્યા છે તે ભક્તિયોગાચાર્ય **પૂ.આ.ભ.શ્રી વિ. યશોવિજયસૂરીશ્વરજી મ.સા.**
* જેઓશ્રીએ અંતિમ વિષયસૂચિ(ફાયનલ એજન્ડા) તૈયાર કરવામાં સહયોગ આપ્યો તથા સંમેલનમાં મંજૂર થયેલ ઠરાવોને લેખિત આકાર આપવામાં જેમનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે તે વિદ્વદ્વર્ય **પૂ.આ.ભ.શ્રી વિ. શીલચન્દ્રસૂરીશ્વરજી મ.સા.**
* શ્રમણસંમેલન સંબંધી સર્વ કાર્યોમાં સર્વ સમુદાયો સાથે જેમણે સંકલન કર્યું અને તમામ વ્યવસ્થાઓ માટે જેઓએ માર્ગદર્શન આપ્યું અને સફળતા માટે અથાગ પરિશ્રમ લીધો તે કાર્યવાહક સમિતિના પૂજ્યો.
  (૧) પૂ.પ્રવચનપ્રભાવક **આ.ભ.શ્રી વિ. રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.**
  (૨) પૂ.શાસનપ્રભાવક **આ.ભ.શ્રી વિ. રાજહંસસૂરીશ્વરજી મ.સા.**
  (૩) પૂ.શાસનપ્રભાવક **આ.ભ.શ્રી હર્ષસાગરસૂરીશ્વરજી મ.સા.**
  (૪) પૂ.કાર્યકુશલ **આ.ભ.શ્રી વિ. કુલચંદ્રસૂરીશ્વરજી (K.C.) મ.સા.**
  (૫) પૂ.કાર્યકુશલ **પં.શ્રી મોક્ષરત્નવિજયજી ગણિ...**
* જેઓશ્રીએ અંતિમ વિચારણાસૂચિ (ફાયનલ એજન્ડા) તૈયાર કરવામાં સહયોગ આપ્યો, પ્રત્યેક ચર્ચાના અંતે ઠરાવોનું મૌખિક સ્વરૂપ રજૂ કર્યું, તમામ ઠરાવો લખીને તૈયાર કર્યા અને આ પુસ્તિકાનું સાદ્યંત આલેખન કર્યું તે પૂ.સિદ્ધહસ્તસર્જક **આ.ભ.શ્રી વિ. રાજરત્નસૂરીશ્વરજી મ.સા.**
* જેઓશ્રીએ જાહેર માધ્યમોમાં સંમેલનની મહત્તાનો પ્રસાર કર્યો તે
  (૧) પૂ.શાસનપ્રભાવક **આ.ભ.શ્રી વિ. યશોવર્મસૂરીશ્વરજી મ.સા.**
  (૨) પૂ.તેજસ્વીવક્તા **આ.ભ.શ્રી વિ. રાજરત્નસૂરીશ્વરજી મ.સા.** તથા
  (૩) પૂ.શાસનપ્રભાવક **આ.ભ.શ્રી હર્ષસાગરસૂરીશ્વરજી મ.સા.**
* દૂર-સુદૂરથી દીર્ઘ વિહારો કરીને પધારવા ઉપરાંત તમામ ઠરાવોને સૌહાર્દસભર ચર્ચાના અંતે સર્વસંમતિથી સ્વીકારનાર ૧૮ સમુદાયોના સેંકડો ગુરુભગવંતો તથા ઉદ્‌ઘોષણા મહાસભામાં ઉપસ્થિત લગભગ ૨૭૦૦ પૂ. સાધુ-સાધ્વીભગવંતો..

**ઉપરોક્ત સર્વ ગુરુભગવંતોને હાર્દિક વન્દના કરવા સાથે અમે તેમનો તથા શ્રમણ સંમેલન માટે પારણા ભવનમાં સર્વ સુવિધા કરી આપનાર શેઠ આણંદજી કલ્યાણજી પેઢી, વૈયાવચ્ચની ઉત્તમ વ્યવસ્થા કરનાર શ્રી વર્ધમાન સિદ્ધક્ષેત્ર આયંબિલ ખાતુ તથા વિશિષ્ટ સેવા પ્રદાન કરનાર ભારતભરના વિવિધ મંડળોનો હાર્દિક ઋણસ્વીકાર કરીએ છીએ.**

***લિ. શ્રી અખિલ ભારતીય તપાગચ્છીય શ્રમણોપાસક જૈન સંઘ...***

# વિરાટ તપાગચ્છીય
# શ્રમણસંમેલન
## (વિ.સં.૨૦૭૨)ના
## સમસ્ત શ્રી સંઘને
# માર્ગદર્શક ઠરાવો

## ▪। ઠરાવ નં.૧ ।▪

જૈન વસતિ રહિત ગામોના શ્રી જિનમંદિરોમાં પ્રભુપ્રતિમા વિપુલ પ્રમાણમાં હોય તો, જિનાલયોનો કબજો જળવાઈ રહે તે પૂરતા અતિઅલ્પ પ્રતિમાજી ત્યાં રાખી બાકીના સર્વ પ્રભુજી જ્યાં પૂજા કરનાર વર્ગ વધુ હોય તેવા સ્થાનોમાં વિરાજિત કરવા. તે માટે શ્રમણસંમેલનમાં ઉપસ્થિત સર્વ સમુદાયોના બબ્બે શ્રાવકોની તથા પ્રવરસમિતિ નિયુક્ત આ વિષયના નિષ્ણાત પાંચ શ્રાવકોની નિયુક્તિ ધરાવતી કેન્દ્રીય વ્યવસ્થા સમિતિ બનાવવી. આ સમિતિ જ્યાં જ્યાંથી પ્રભુજી મળી શક્તા હોય, તે તે જિનાલયોનો સર્વે કરી લીસ્ટ બનાવે. પૂજ્ય ગુરુ ભગવંતોએ પણ પોતાનો પ્રભાવ ધરાવતા તેવા સ્થાનોને પ્રતિમાજી આપવા ભારપૂર્વક પ્રેરણા કરવી, જે સંઘોને આવા પ્રતિમાજી મળે તેમણે તે પ્રભુજી ક્યા સ્થાનના છે તેનો પોતાના જિનાલયે ઉલ્લેખ કરવો. ઉપરાંત તે ગામમાં સાધારણ ખાતે લાભ લેવો. જે સ્થાનેથી પ્રભુજી અપાયા હોય તેમણે પોતાના પ્રભુજી હાલ ક્યાં છે તેનો પણ ઉલ્લેખ કરવો. પ્રભુજી અપાયા બાદ ખાલી પડેલ સ્થાને તે પ્રભુનું ચિત્ર આદિ કરાવી શકાય.

## ▪। ઠરાવ નં.૨ ।▪

શહેર કે ગામડાના જે જિનાલયોમાં ધાતુપ્રતિમા-પાષાણપ્રતિમાઓ વિપુલ સંખ્યામાં હોય અને પૂજાદિની વ્યવસ્થા મુશ્કેલ હોય તે સ્થાનોના એક વિકલ્પરૂપે પ્રસિદ્ધ તીર્થો કે શહેર વિસ્તારમાં તેવા પ્રતિમાઓના ભંડારરૂપ વ્યવસ્થા કરવી. બે-ત્રણ મજલાનું સુવ્યવસ્થિત મકાન હોય, ત્યાં શાસ્ત્રીય મર્યાદા મુજબ તે તે વિભાગોમાં તે તે સંઘોના ઉલ્લેખપૂર્વક પ્રતિમાજી હોય અને આવશ્યક્તાનુસાર પૂજારીઓ રાખવા દ્વારા તે પ્રભુપ્રતિમાઓની પૂજાભક્તિ થતી હોય. જ્યાંથી તે પ્રતિમાજીઓ લવાયા હોય તે તે સંઘોની સંમતિપૂર્વક, જરૂરિયાતવાળા સંઘોમાં 'વહેલો તે પહેલો' ના ધોરણપૂર્વક તે પ્રતિમાજીઓ અપાય. આ કાર્ય માટે પ્રવર સમિતિ દ્વારા એક શ્રાવકસમિતિ રચાશે.

## ▪। ઠરાવ નં.૩ ।▪

પ્રાચીન ખંડિત જિનપ્રતિમાઓ કે જૈન શિલ્પોનું જૈન સંગ્રહાલય અલગ-અલગ સ્થળોએ કરવું. આ માટે એક શ્રાવક સમિતિ પ્રવરસમિતિ દ્વારા રચવી.

## ▪। ઠરાવ નં.૪ ।▪

પંચધાતુ આદિના પ્રતિમાજીના નાસિકા-કર્ણ આદિ ઉપાંગોને ઘસારો લાગ્યો હોય તો ય તે પ્રતિમાજીનું પૂજા વિધાન યોગ્ય જ છે. નાના નિમિત્તે પ્રતિમાવિસર્જનની

વિચારણા ન કરવી. એવા શાસ્ત્રપાઠ ઉપલબ્ધ છે કે પ્રતિમાજીની શતાબ્દી પણ થઈ ગઈ હોય અને તે વ્યંગ હોય તો ય તે શાસ્ત્રાધારે પૂજનીય છે. મૂર્તિના અંગો ખંડિત થઈ ગયા હોય તો જ તેનું વિસર્જન કરવું. વિશિષ્ટ ઐતિહાસિક મૂર્તિ અંગે તો આમાં પણ અપવાદ સમજવો.

## ▪। ઠરાવ નં.૫ ।▪

હાઈવે જેવા સ્થાને નિર્મિત થતાં તીર્થો અંગે કેટલેક અંશે લાભ જણાતો હોવા છતાં સરવાળે તેમાં ઘણા અનર્થોની સંભાવના છે. માટે જે તીર્થો હાલ બની રહ્યાં છે તે બાદ કરીને હવેથી કોઈએ હાઈવે જેવા સ્થાનો પર તીર્થનિર્માણ કરવાં-કરાવવાં નહિ તેમ આ શ્રમણ-સંમેલન આદેશ ફરમાવે છે.

## ▪। ઠરાવ નં.૬ ।▪

શ્રમણ-શ્રમણીવૃંદની વિહારયાત્રા અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાંથી વિશેષ થાય એ ઈચ્છનીય છે. એનાથી શ્રમણ-શ્રમણી અને ગૃહસ્થ ઉભયપક્ષે ઘણા લાભ થવા ઉપરાંત અકસ્માત્નાં નુકસાન ઘણા અંશે અટકી શકશે. આમ છતાં યુગસાપેક્ષ કેટલીક અનિવાર્યતાવશ હાઈવે જેવા માર્ગો પર વિહારધામનિર્માણ જરૂરી રહે તો ય તે, (૧) બન્ને તરફ ઓછામાં ઓછું આઠેક કિ.મી.નું અંતર હોય (૨) જિનમંદિર હોય તો માત્ર જરૂર પૂરતું નાનકડું જ હોય અને (૩) શ્રમણધર્મની મર્યાદા સચવાય તેથી અધિક કોઈ વિશેષતા ન હોય તે રીતનું જ હોવું જોઈએ.

## ▪। ઠરાવ નં.૭ ।▪

પરમતારક પરમાત્માની ભક્તિ ઉત્તમ દ્રવ્યોથી કરવી જોઈએ. પરંતુ હાલમાં ક્યાંય કયાંક રૂ, ખાદ્ય પદાર્થો, પ્લાસ્ટીક આદિથી પ્રભુની આંગી થતી જોવાય છે. આ ચીજો ગુણવત્તાની દૃષ્ટિએ ન્યૂન હોવાથી પ્રભુભક્તિમાં તેનો ઉપયોગ ન કરવો. આ ઉપરાંત ધોતી-કોટિ સાફો-સાફાવાળો મુગટ વગેરેથી પ્રભુનો દેખાવ લૌકિક સ્તરનો બની જતો હોવાથી તે પદ્ધતિની આંગી પણ બંધ કરવી.

## ▪। ઠરાવ નં.૮ ।▪

'જિનપડિમા જિન સારિખી' વચનાનુસાર પ્રભુપ્રતિમાને પણ પ્રભુસદૃશ ગણીને મૂર્તિની ભક્તિમાં ખૂબ કાળજી રખાવી જોઈએ. વાળાકૂંચીનો ઉપયોગ જરૂરી બને તેમ હોય તો ય તે એવા વિવેકપૂર્વક કરવો જેથી શુદ્ધિ થાય અને આશાતના ન થાય.

## ▪। ઠરાવ નં.૯ ।▪

**'न पक्षि-पशु-सिंहादि-वाहनासीनविग्रहः'** વીતરાગ સ્તોત્રના આ અને અન્યાન્ય શાસ્ત્રવચનાનુસાર શ્રી જિનેશ્વર પ્રભુની પ્રતિમા પશુ-પંખી-લાંછન-ગ્રહ વગેરે ઉપર પ્રતિષ્ઠિત કરવાની હોતી નથી. આમ છતાં કેટલાક સમયથી પશુ-પંખી આદિ અને ગ્રહ-લાંછન વગેરે ઉપર પ્રભુપ્રતિમા બનતી જોવાય છે. આનાથી વીતરાગપ્રભુની મહત્તામાં ખામી દેખાવા ઉપરાંત ભાવિ અનર્થો સર્જાય તેમ હોવાથી હવે પછી આવી પ્રતિમાઓ કોઈએ બનાવવી નહિ કે પ્રતિષ્ઠિત કરવી નહિ.

## ▪। ઠરાવ નં.૧૦ ।▪

શિલ્પશાસ્ત્રાનુસારી પ્રાચીન પદ્ધતિના જિનમંદિરોનાં નિર્માણની આપણી જે પ્રચલિત પરંપરા છે તે મુજબના જ જિનમંદિરોનાં નિર્માણ કરવા. હાલમાં ક્યાંક ક્યાંક માત્ર બાહ્ય આકર્ષણને કેન્દ્રમાં રાખીને વિવિધ આકારના શિલ્પશાસ્ત્રવિહિત ન હોય તેવાં ગૃહમંદિરભિન્ન જિનમંદિરોનાં નિર્માણ થઈ રહ્યા છે. આ પદ્ધતિના જિનાલયોનાં નિર્માણની પ્રેરણા કરવી નહિ અને તેમાં સહાયક પણ ન થવું.

## ▪। ઠરાવ નં.૧૧ ।▪

પરમાત્મા શ્રી જિનેશ્વર ભગવંતની પ્રતિમાની કેશર અને ચંદન, ઉભયથી થતી પૂજા શાસ્ત્રવિહિત છે. પરમાત્માની પ્રતિમાને નુકસાન ન થાય તેવા વિવેકપૂર્વક પૂજા-ભક્તિ કરવી.

## ▪। ઠરાવ નં.૧૨ ।▪

અક્ષયતૃતીયાદિને ઈક્ષુરસથી તથા અન્ય વિશેષ વિધાનોમાં ઘૃત-દધિ (ઘી-દહીં-દૂધ) આદિથી અભિષેકપ્રવૃત્તિ જોવાય છે. આવા દ્રવ્યો અભિષેકજલમાં ખપપૂરતાં જ ભેળવીને વિધાન કરવું. જેથી વિધિ ઉપરાંત જયણા પણ જળવાય.

## ▪। ઠરાવ નં.૧૩ ।▪

ક્યાંક ક્યાંક પ્રસંગવિશેષે ગુરુભગવંતના પ્રવચન માટે બેસવા સમવસરણાદિ રચના થતી જોવાય છે. આવી પ્રવૃત્તિ શ્રી તીર્થંકરપ્રભુની ગરિમાને હાનિરૂપ બને છે તેમજ ત્યાગમય શ્રમણધર્મ અંગે પણ અનુરૂપ નથી બનતી. માટે ગુરુભગવંતોએ આવી રચનાઓનો ઉપયોગ ન કરવો. આ ઉપરાંત ક્યાંક ક્યાંક જૈન શ્રમણોમાં ગુરુપૂર્ણિમા પર્વોત્સવ શરૂ થયો છે. આવા પ્રકારની પ્રવૃત્તિ જૈનશાસનમાન્ય નથી. માટે શ્રમણોએ તેનાથી દૂર રહેવું.

## ▪। ઠરાવ નં.૧૪ ।▪

લુપ્ત કલ્યાણકભૂમિઓ-તીર્થો માટે સંશોધનકાર્ય કરાવવું. તે તથા પ્રત્યક્ષ કલ્યાણક ભૂમિઓ-પ્રાચીન તીર્થો આપણા ધર્મની ધરોહર છે. કલ્યાણક ભૂમિઓ-પ્રાચીન તીર્થો જ્યારે અતિ જીર્ણ થયા હોય અને જીર્ણોદ્ધાર અનિવાર્ય હોય ત્યારે, ત્યાંની પ્રાચીનતા તથા જૂના લેખ આદિ ઐતિહાસિક કડીઓ સચવાય તે માટે, ત્યાંની વ્યવસ્થાપક સમિતિ સાથે સંપર્ક કરીને પ્રવરસમિતિનિયુક્ત શ્રાવકસમિતિ તે તે જીર્ણોદ્ધારકાર્યમાં સક્રિય રહેશે.

## ▪। ઠરાવ નં.૧૫ ।▪

હવે પછી તે તે સમુદાયના પૂ. ગચ્છાધિપતિશ્રીની આજ્ઞા-આશીર્વાદ વિના કોઈએ પણ કોઈને આચાર્યાદિ પદપ્રદાન કરવા નહિ. આમ છતાં જો તેવી રીતે પદપ્રદાન કોઈ કરે તો પદારૂઢ થનારની પદવી અમાન્ય ગણાશે, પદ લેનાર-આપનાર સાથે સમસ્ત શ્રમણસંઘ એક વર્ષ માટે સર્વ વ્યવહારો સ્થગિત કરી દેશે અને તે ઉપરાંત શ્રમણસંઘની કોઈ પણ સમિતિમાં તે સમય દરમ્યાન તેઓ કોઈ કાર્ય કરી શકશે નહિ.

## ▪। ઠરાવ નં.૧૬ ।▪

કેટલાક શહેરોના મૂળ વિસ્તારોમાંથી અને કેટલાક ગામોમાંથી જૈન વસતિનું સ્થાનાંતર થઈ રહ્યું છે. તેના કારણે આપણા જિનાલયાદિ ધર્મસ્થાનો સામે જોખમ વધતું જાય છે. માટે (૧) ત્યાં સસ્તા દરે સાધર્મિક આવાસયોજનાની પ્રેરણા કરવી. (૨) શાસનપ્રેમી શક્તિસંપન્ન જૈનો દ્વારા ધર્મસ્થાનો આસપાસની જગ્યાઓ ખરીદ કરાવવી. (૩) તે શક્ય ન હોય તો સંઘોએ પોતાના દ્રવ્યમાંથી જિનાલયસુરક્ષા માટે જગ્યાઓ ખરીદ કરાવવી. આ માટે જો દેવદ્રવ્યનો ઉપયોગ થયો હોય તો તે ખરીદેલ સ્થાન દેવદ્રવ્યની મિલકત ગણવી... જિનાલયોમાં માત્ર જરૂર પૂરતી પ્રતિમાઓ રાખીને બાકીની પ્રતિમાઓ જરૂરિયાતવાળા સંઘોને અથવા અંતિમ વિકલ્પરૂપે પૂર્વોક્ત મૂર્તિભંડારમાં આપવી. ત્યાં આવતી નવી વસતિને ધર્મસ્થાનો પ્રત્યે આદર પ્રગટે તે માટે તેની સાથે શક્ય હદે સુમેળભર્યા સંબંધો રાખવા. આવા આવા અન્યાન્ય ઉપાયો પણ તે તે સ્થાનોની સુરક્ષા માટે જરૂરિયાત મુજબ કરવા.

## ▪। ઠરાવ નં.૧૭ ।▪

આપણાં પાંચ મુખ્ય તીર્થો પૈકીના એક આબૂતીર્થમાં જૈન યાત્રિકોનો પ્રવાહ વધે તે માટે ખાસ લક્ષ્ય જરૂરી છે. પૂર્વે અહીં આદીશ્વર પ્રભુના ઉપદેશથી ભરતચક્રવર્તી દ્વારા સુવર્ણમય ચૈત્ય નિર્મિત થયેલું હોવાના અને અહીં સ્વયં ભગવાન મહાવીરદેવે

સાધના કરી હોવાના શાસ્ત્રોલ્લેખો છે. આ વાતને પ્રવચનોમાં વિશેષ પ્રસ્તુત કરવી. ઉપધાનતપ-છ'રી પાલક સંઘ-વર્ષીતપ પ્રારંભ જેવા આયોજનો ત્યાં કરાવી શકાય. છેવટે પ્રત્યેક વર્ષીતપના આરાધક વર્ષીતપ દરમ્યાન એક વાર તો શ્રી આબૂતીર્થની યાત્રા કરે તેવી પ્રેરણા કરવી.

## ▪। ઠરાવ નં.૧૮ ।▪

આપણા જિનાલયોમાં પૂજારીરૂપે કાર્ય સંભાળનાર વર્ગ લગભગ અજૈન જોવા મળે છે. એમના અજ્ઞાનાદિથી પ્રભુજીની ભક્તિમાં દુર્લક્ષ્ય-આશાતના વગેરેના ગંભીર પ્રશ્નો સર્જાય છે. આના વિકલ્પરૂપે, અન્યત્ર જોવા મળે છે તેમ, જૈન વર્ગને જ આ માટે તૈયાર કરવો. જેને 'જિનભક્ત' જેવું માનવંતુ નામ આપી શકાય. આ માટે સરાક જાતિના-બોડેલી તરફની પરમાર ક્ષત્રિય જાતિના તેમજ અન્ય તેવા જૈનોને એક 'ટ્રેનીંગ સંસ્થા' દ્વારા તૈયાર કરીને જોડવા. તેમને ઊંચું વેતન મળી રહે તેવી વ્યવસ્થા પણ ગોઠવવી.

## ▪। ઠરાવ નં.૧૯ ।▪

છેલ્લા કેટલાક સમયથી કોઈ કોઈ ગુરુભગવંતોના કાલધર્મ બાદ એમના પાર્થિવ દેહને અંતિમસંસ્કાર માટે વાહનોમાં દૂર સુધી લઈ જવાની પ્રવૃત્તિ કવચિત્ થઈ રહી છે. આવી પ્રવૃત્તિનો સખત નિષેધ કરવાપૂર્વક આ શ્રમણસંમેલન જણાવે છે કે હવેથી કોઈએ પણ આ રીતે વાહનનો ઉપયોગ કરવો નહિ. પોતાના ગુર્વાદિ વડિલો અંગે જે શ્રમણો આ નિયમનો ભંગ કરશે તેમની સાથે સમસ્ત શ્રમણસંઘ એક વર્ષ માટે સર્વ વ્યવહારો સ્થગિત કરી દેશે અને તે સમય દરમ્યાન તેઓ શ્રમણસંઘની કોઈ પણ સમિતિમાં કોઈ કાર્ય કરી શકશે નહિ.

## ▪। ઠરાવ નં.૨૦ ।▪

દરેક શ્રમણ-શ્રમણીએ પોતાના ગુર્વાદિ વડીલોની આજ્ઞામાં રહીને જ સંયમ-સાધનાદિ કરવા. કોઈ વિષમ પરિસ્થિતિમાં તેમનું સ્થિરીકરણ ના થતું હોય તો ય અન્ય સમુદાયના ગુરુજનોએ તેમને પોતાના સમુદાયમાં એકાએક સ્વીકારવા નહિં.

જે સાધુ-સાધ્વીજી અન્ય સમુદાયમાં પ્રવેશવા ઈચ્છે તેમણે પોતાના ગુરુ, વૃંદના વડીલ તથા ગચ્છાધિપતિની લૈખિત સંમતિ મેળવીને જ અન્ય સમુદાયમાં પ્રવેશવું. જે સમુદાયમાં તેઓ પ્રવેશવા ઈચ્છે તે સમુદાયના ગચ્છાધિપતિએ આવવા ઈચ્છુક શ્રમણ-શ્રમણીના ગુરુ, વૃંદના વડિલ તથા ગચ્છાધિપતિ ત્રણેયની લેખિત સંમતિ મેળવીને જ પ્રવેશ આપવો.

આવવા ઈચ્છુક શ્રમણ-શ્રમણીના ગચ્છાધિપતિએ પણ આવી લેખિત સંમતિ આપતાં પૂર્વે પોતાના તે સાધુ-સાધ્વીજીના ગુરુ તથા વૃંદના વડીલની લેખિત સંમતિ લેવી. આ પછી ય જો આવવા ઈચ્છુક શ્રમણ-શ્રમણીના ગુરુ યા વડીલની લેખિત અસંમતિ આવે તો સ્વીકારનાર ગચ્છાધિપતિએ સાધુ-સાધ્વીજીને પોતાના સમુદાયમાં સ્વીકારવા નહિં.

ઉપરોક્ત બધી સંમતિઓ ન મળે અને પરિસ્થિતિ અતિવિષમ હોય તો તેવા સાધુ-સાધ્વીજીના લેખિત પત્ર બાદ પ્રવરસમિતિ સમુદાયાંતર કરવા ઈચ્છુક સાધુ-સાધ્વીજીના ગુર્વાદિકને વિશ્વાસમાં લઈને જે તે ઉચિત નિર્ણય '૧' વર્ષના સમય દરમ્યાન લેખિત રૂપે કરે. જ્યાં સુધી આવો નિર્ણય ન થાય ત્યાં સુધી સાધુ-સાધ્વીજીને કોઈએ પોતાના સમુદાયમાં સ્વીકારવા નહિં. આ નિયમ સમુદાયમાં સ્થિત કે સમુદાયની બહાર થયેલ સાધુ-સાધ્વીજી અંગે એક સરખો લાગુ રહેશે. આ નિયમનો ભંગ જે શ્રમણ-શ્રમણીવૃંદ કરે તે શ્રમણ-શ્રમણીવૃંદને તેમના ગચ્છાધિપતિએ સમુદાય બહાર કરવા. જો ગચ્છાધિપતિ આમ ન કરે તો શ્રમણ સંઘ તે ગચ્છાધિપતિ સાથે વધુમાં વધુ પાંચ વર્ષ માટે તમામ વ્યવહારો સ્થગિત કરે. અને તે સમય દરમ્યાન તેઓ શ્રમણ સંઘની કોઈ પણ સમિતિમાં કાર્ય નહિં કરી શકે.

આ મુદ્દા અંગે ભવિષ્યમાં જો કોઈપણ પ્રશ્ન ઊભો થાય તો તેનો ઉકેલ પ્રવર સમિતિના પાંચે આચાર્ય ભગવંતો લાવે તે સર્વને સંમત રહેશે.

## ▪| ઠરાવ નં.૨૧ |▪

ભારતભરના જ્ઞાનભંડારોને સુવ્યસ્થિત કરી આધુનિક ટેકનોલોજી દ્વારા તેને સંકલિત કરવા માટે પ્રવરસમિતિનાં માર્ગદર્શન મુજબ એક શ્રાવક સમિતિ રચવી.

## ▪| ઠરાવ નં.૨૨ |▪

પૂર્વપ્રકાશિત પ્રાચીન ગ્રન્થોના સંશોધક-સંપાદક-પ્રકાશકાદિના અથાગ શ્રમને, તે તે ગ્રન્થોમાં પુનઃ પ્રકાશનોમાં યોગ્ય ન્યાય મળી રહે તે માટે આ સંમેલન અનુરોધ કરે છે કે જ્યાં જ્યાં નૂતન આવૃત્તિના પ્રેરક-સંપાદકાદિનું નામ હોય ત્યાં ત્યાં તેની ઉપર પૂર્વપ્રકાશનના સંશોધક-સંપાદક-પ્રકાશકાદિનાં નામનો પણ તેટલા જ મહત્ત્વપૂર્વક ઉલ્લેખ કરવો જોઈએ.

## ▪| ઠરાવ નં.૨૩ |▪

કેટલાય મોટા સંઘો આદિમાં દેવદ્રવ્યની ઘણી મોટી રકમો એફ.ડી. રૂપે જમા રહેતી હોય છે. આનાથી ઘણાં નુકસાન સર્જાતા હોવાથી સંઘો આદિએ પર્યુષણાપર્વ-

ઉપધાનમાળ વગેરેમાં થયેલ દેવદ્રવ્યઉપજને તાત્કાલિકપણે અલગ અલગ જરૂરિયાતવાળા સ્થાનોમાં ફાળવી દેવી. આજે પણ તેવા ઘણા અંતરિયાળ વિસ્તારોમાં જિનાલયો છે કે જે જીર્ણોદ્ધારની પ્રતીક્ષામાં છે. આવાં સ્થાનોની જાતતપાસ સાથેનો 'સર્વે' ટ્રસ્ટીઓએ ખાસ કરવો. ગુરુભગવંતોએ પ્રવચનો-લેખનનાં માધ્યમે આ વિષયને ખૂબ ભારપૂર્વક રજૂ કરવો... બોલી સમયે કેટલીક વાર રકમ ભરવા માટે લાંબા સમયના હપ્તાની અનુકૂળતા કરાય છે. આમાં બોલનારને અને સંઘને પણ નુકસાનો થાય તેમ છે. માટે મન્ત્રીશ્વર પેથડશાનો આદર્શ ધ્યાનમાં રાખીને બોલાયેલ રકમ ખૂબ ઝડપથી ભરવાનું અને હપ્તા નહિ રાખવાનું મજબૂત પ્રતિપાદન તે તે પ્રસંગોમાં પણ નિશ્રાદાતા ગુરુભગવંતોએ કરવું. ઊપજ કદાચ ઓછી થાય તો ય આના ઘણા લાભ છે... સંઘની દેવદ્રવ્યાદિની રકમો જે બેંકમાં હોય તે બેંકમાં ટ્રસ્ટીઓએ પોતાના ખાતા રાખવા નહિ. જેથી પરોક્ષ દોષની પણ સંભાવના ન રહે.

## ▪। ઠરાવ નં.૨૪ ।▪

હાલની લોકશાહી રાજ્યવ્યવસ્થામાં ધર્મરક્ષા-સંસ્કૃતિરક્ષા તથા ધર્મસ્થાનોમાં આવતી આપત્તિ ટાળવા માટે રાજકીય વગ હોવી જરૂરી છે. આ માટે શક્તિશાળી જૈન વ્યક્તિઓ રાજકારણમાં પ્રવેશે અથવા રાજકીય વગ ધરાવતી વ્યક્તિઓ સાથે સંપર્ક રાખીને તેમના દ્વારા સંઘ-શાસનની સમસ્યા નિવારે. પ્રભાવસંપન્ન ગુરુભગવંતો પણ રાજકીય સંપર્કો દ્વારા સંઘ-શાસનનાં કાર્યો કરે. જો કે, ચૂંટણીપ્રચાર જેવા કાર્યોમાં તેઓ જોડાય તે શ્રમણમર્યાદાનુસાર ઉચિત નથી.

## ▪। ઠરાવ નં.૨૫ ।▪

આપણા ઘણા પ્રાચીન-અર્વાચીન તીર્થોની આસપાસ અજૈન વસતિ છે. તેઓ આપણી ધર્મપ્રવૃત્તિઓ પ્રત્યે અસહિષ્ણુ ન બને તે માટે (૧) તેમની નાની-મોટી પ્રવૃત્તિઓમાં અવિરોધવૃત્તિ (૨) તે વર્ગ માટે અનુકંપા કાર્યોરૂપ વસ્ત્ર-ભોજન-ધાબળાવિતરણાદિ સેવાપ્રવૃત્તિનો વિસ્તાર (૩) તેઓનો અવસરે અવસરે પ્રવચન-સંસ્કરણ દ્વારા સંપર્ક જીવંત રાખવો.

## ▪। ઠરાવ નં.૨૬ ।▪

આપણા જૈન બંધુઓ અન્ય ધર્મ તરફ ખેંચાઈ રહ્યા છે તેના મુખ્ય ત્રણ કારણો છે : (૧) શ્રીમંત વર્ગમાં કોન્વેન્ટ સ્કૂલોમાં શિક્ષણનો આગ્રહ (૨) આર્થિક રીતે નબળા સાધર્મિકોને પડતી હાલાકી અને (૩) માનવતાનાં કાર્યોમાં વધુ લગાવ. આ માટે

(૧) જેમાં રોજરોજ થોડું થોડું જૈનધર્મ સંબંધી શિક્ષણ પણ આપી શકાય તેવી સર્વાંગીણ સુસજ્જ જૈન શૈક્ષણિક સંસ્થાનાં આયોજનો શ્રાવકવર્ગે કરી શકાય. (૨) સાધર્મિકસેવાના કેન્દ્રો-ફાઉન્ડેશનો વધુ મજબૂત બને અને માત્ર સહાય નહિ, સ્વનિર્ભર કરવા સુધી સાધર્મિકોને ઉપયોગી બને તેમ શ્રાવકોએ કરવું. (૩) ધર્મપ્રવૃત્તિની સાથોસાથ માનવતા-જીવદયા-અનુકંપાનાં કાર્યો જૈનશાસનમાં જે અતિ સરસ થઈ જ રહ્યાં છે તેને પણ શ્રમણવર્ગ તરફથી ખૂબ પ્રોત્સાહન અપાય.

## ।। ઠરાવ નં.૨૭ ।।

જિનાલયોમાં શુદ્ધ જલ મળી રહે તે માટે વરસાદી જલના સંગ્રહરૂપ ટાંકાની વ્યવસ્થા પૂર્વે ઠેર ઠેર જૈન સંઘોમાં હતી. પ્રતિમાજીરક્ષાદિ હેતુઓ માટે આ વ્યવસ્થા હવે જ્યાં શક્ય હોય તે જિનાલયોમાં પુનર્જીવિત કરવી જોઈએ.

## ।। ઠરાવ નં.૨૮ ।।

હાલમાં જૈન મુમુક્ષુ પુણ્યાત્માઓ વરઘોડામાં જાહેર માર્ગો પર વિવિધ વસ્તુઓ ઉછાળવારૂપે વર્ષીદાન કરે છે. વસ્તુતઃ વર્ષીદાનની પ્રવૃત્તિ શ્રી તીર્થંકરદેવોએ કરેલ વાર્ષિક દાનના આંશિક અનુકરણરૂપ છે. શાસ્ત્રોમાં વર્ણન છે કે પ્રભુ દીક્ષા પૂર્વે એક સ્થાને બેસીને ઉપસ્થિત લોકોને વર્ષીદાન આપતા હતા, રાજમાર્ગ પર ઉછાળીને નહિ. વરઘોડામાં પ્રભુ શિબિકામાં વિરાજમાન જ રહેતા હતા, દાન કરતા ન હતા. હાલની મુમુક્ષુઓની વર્ષીદાન-પદ્ધતિમાં અનેક ગેરલાભ જણાય છે. એટલે હવેથી મુમુક્ષુ પુણ્યાત્માઓ બેસીને ઔચિત્યપૂર્વક હાથોહાથ વર્ષીદાન કરવાની પદ્ધતિ જ પ્રચલિત કરે. આ ઉપરાંત વરઘોડાના પ્રારંભસ્થાને, જાહેર ચોક જેવા મધ્યસ્થાને અને પૂર્ણાહુતિસ્થાને દીક્ષાર્થી હાથોહાથ વર્ષીદાન કરી શકે.

## ।। ઠરાવ નં.૨૯ ।।

હાલમાં આપણા સંઘોમાં યોજાતા મહોત્સવો આદિની પત્રિકાઓમાં પરમાત્માના તથા ગુરુભગવંતોના ફોટા છપાતા હોય છે. એ ઘણી બધી આશાતનાનું કારણ બનતું હોવાથી હવેથી કોઈએ પત્રિકામાં દેવ-ગુરુના ફોટા પ્રકાશિત ન કરવા... ગૃહસ્થવર્ગના ફોટા, જો મૂકવા જ પડે તો પણ, મર્યાદાપૂર્ણ અને મર્યાદિત મૂકવા... પત્રિકાઓ અતિ ખર્ચાળ કરવાના બદલે શક્ય તેટલી સાદી-ઓછા મૂલ્યની કરવી. પ્રચારના ફલેક્સમાં પણ દેવ-ગુરુના ફોટા ન મૂકવા.

## ▪। ઠરાવ નં.30 ।▪

આપણા નિકટના પૂર્વમહાપુરુષોએ અથાગ પ્રયાસો દ્વારા સંઘમાંથી યતિઓનું જોર દૂર કરી સુવિહિત મોક્ષમાર્ગરૂપ સંવિગ્ન શ્રમણપક્ષને મજબૂત કર્યો છે. તેને હાનિ ન પહોંચે તે માટે યતિઓની દીક્ષા હવેથી કોઈએ આપવી નહિ. તેમની પ્રવૃત્તિને પણ પ્રોત્સાહન ન આપવું.

## ▪। ઠરાવ નં.31 ।▪

'જૈન' શબ્દ ખૂબ ગરિમાભર્યો છે. અભક્ષ્ય વાનગીઓ સાથે કે જૈન સિદ્ધાંતોથી નિરપેક્ષ સંસ્થાઓ સાથે જ્યારે એ શબ્દ જોડાયેલ જોવાય છે. ત્યારે એની ગરિમાને હાનિ પહોંચતી હોય તેવું અનુભવાય છે. શક્તિસંપન્ન શ્રમણો-શ્રાવકોએ આ અંગે ઉચિત ઉપાયો કરવા.

## ▪। ઠરાવ નં.3૨ ।▪

આપણા અનેક જીર્ણ જિનાલયાદિ સ્થાનો સરકારના તાબામાં છે. એ જૈન સંઘને પરત મળે તે માટે કાયદાકીય માર્ગદર્શન મેળવવું. તે ખાતા સાથે સંબંધિત અધિકારીવર્ગનો સંપર્ક કરી માહિતીઅન્વેષણ-ઉપાયો પ્રાપ્ત કરવા અને જેઓ આ અંગે કરી છૂટે તેમ હોય તેવા પુણ્યાત્માઓને પ્રોત્સાહન આપવું.

## ▪। ઠરાવ નં.33 ।▪

લગભગ દરેક સંઘોની પાઠશાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા અને અભ્યાસરુચિ આદિ ઘટતા દેખાય છે. એનું એક મહત્ત્વનું કારણ પુરાણી અભ્યાસપદ્ધતિ પણ છે. હાલમાં થોડા વર્ષોથી વિવિધ ગુરુભગવંતોની પ્રેરણાથી. અલગ અલગ સંસ્થાઓએ આ ક્ષેત્રે કાર્યરત થઈને આધુનિક અભ્યાસપદ્ધતિ અને ઈંગ્લીશમીડીયમના જૈન બાળકો માટે ઈંગ્લીશમાં ટીચીંગ આદિ દ્વારા સરસ પરિણામો મેળવ્યા છે. આ સંસ્થાઓની અભ્યાસ-પદ્ધતિઓનું એકીકરણ થાય અને સર્વત્ર એનો એકસરખો પ્રસાર થાય તે માટે આ વિષયના જાણકાર શ્રમણોની સમિતિ રચવી. વિદ્યાર્થીઓને મોટા ઈનામો અપાય તે માટે ફંડની વ્યવસ્થા કરવી. આ ઉપરાંત ચાતુર્માસિક પાઠશાળાઓ રૂપે ચાતુર્માસસ્થિત શ્રમણો દ્વારા શ્રાવકોને અભ્યાસ કરાવાય તેવી વ્યવસ્થા પણ કરવી.

## ▪। ઠરાવ નં.3૪ ।▪

આપણા જૈન વિદ્યાર્થીઓ ઉત્તમ સંસ્કૃત-પ્રાકૃતવિષયક ગ્રન્થો અને શાસ્ત્રગ્રન્થો ભણીને પ્રતિભાવંત પંડિતરૂપે તૈયાર થઈ શકે તે માટે તેવી પ્રાચીન પાઠશાળા વગેરે

સંસ્થામાં મજબૂત આયોજન કરવું. આ રીતે તૈયાર થયેલ જૈન પંડિતો પછીથી શ્રમણ-શ્રમણી આદિને ઉચ્ચતર અભ્યાસ કરાવે. આવા પંડિતો તૈયાર કરવા માટે વિશાલ ફંડની વ્યવસ્થા કરવી.

## ▪। ઠરાવ નં.૩૫ ।▪

વિહારયાત્રા દરમ્યાન સાધ્વીજી ભગવંતોને ડોળીવાળા-વ્હીલચેરવાળા સેવકોના પગારની તેમજ અન્ય જરૂરી સુવિધા માટે તે તે સમુદાયના ગચ્છનાયકાદિએ સર્વ જવાબદારી સ્વીકારવી. જેથી સાધ્વીજી ભગવંતોને તે માટે કોઈ મુંઝવણ ન રહે. આ ઉપરાંત એક કેન્દ્રીય વ્યવસ્થા અંગે પણ પ્રયાસ કરાશે. આ માટે આર્થિક યોગદાન અંગે (૧) પૂ. તપાગચ્છાધિપતિ આ.ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા. (૨) પૂ.આ.ભ.શ્રી નિત્યાનંદસૂરીશ્વરજી મ.સા. (૩) પૂ.આ.ભ. શ્રી ધર્મધુરંધરસૂરીશ્વરજી મ.સા. તથા (૪) પૂ.આ.ભ.શ્રી રત્નાકરસૂરીશ્વરજી મ.સા. પ્રેરણા કરશે. (આ વ્યવસ્થા અંગે આ નંબરના ઠરાવની ઉપયોગિતાનું લખાણ પૂ.સાધુ-સાધ્વીજીભગવંતોએ ખાસ વાંચવું.)

## ▪। ઠરાવ નં.૩૬ ।▪

જેમ સીકયોરીટીગાર્ડ માટેની એક જવાબદારી એજન્સી હોય છે તેમ, સાધુ-સાધ્વીજી સાથે વિહારમાં આવતાં ડોળીવાળા-વ્હીલચેરવાળા વગેરે સેવકોની એક સેન્ટ્રલ એજન્સી રચવાનો પ્રયાસ કરાશે. જેથી નમ્ર-સેવાવૃત્તિવાળા-વિશ્વાસુ સેવકો ઉપલબ્ધ થઈ શકે. આ માટે રસ ધરાવતા શક્તિસંપન્ન પુણ્યાત્માઓને આ દિશામાં આગળ વધવા પ્રેરણા કરવી. (આ વ્યવસ્થા અંગે આ નંબરના ઠરાવની ઉપયોગિતાનું લખાણ પૂ.સાધુ-સાધ્વીજીભગવંતોએ ખાસ વાંચવું.)

## ▪। ઠરાવ નં.૩૭ ।▪

વૃદ્ધ-ગ્લાન-એકાકી વગેરે સાધુ-સાધ્વીજી ભગવંતોની વ્યવસ્થા સમુચિતપણે થાય તે માટે, વિવિધ મુખ્ય સ્થળોએ તમામ સમુદાયોના ઉપરોક્ત સાધુ-સાધ્વીજીઓ માટે સ્થિરવાસ કરાય તેવી વિશ્રામણાવ્યવસ્થા આ સંમેલન દ્વારા નક્કી કરાય છે. આ માટે (૧) મુંબઈ તથા શંખેશ્વરતીર્થમાં પૂ. તપાગચ્છાધિપતિ આ.ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા. તથા પૂ.આ.ભ. શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા. (ગિરિવિહાર)ની પ્રેરણાથી (૨) તારંગાતીર્થે પૂ.આ.ભ. શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી (૩) પૂના તથા માલવામાં સાગરસમુદાયની પ્રેરણાથી (૪) સુરતમાં સાગરસમુદાય તથા પૂ.આ. શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા. (ગિરિવિહાર)ની પ્રેરણાથી (૫) પાલિતાણામાં પૂ.આ.ભ. શ્રી રત્નાકરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી અને (૬) અમદાવાદમાં પૂ.આ.ભ. શ્રી

હેમપ્રભસૂરીશ્વરજી મ.સા. (ગિરિવિહાર)ની પ્રેરણાથી આ વિશ્રામણાસ્થાનો સર્જાશે. તેમાં શ્રમણજીવનોપયોગી સુવિધાઓ ઉપરાંત શ્રુતાભ્યાસની પણ વ્યવસ્થા રહેશે.

### ▪। ઠરાવ નં.૩૮ ।▪

સાધુ-સાધ્વીભગવંતોની વિહારયાત્રા દરમ્યાન અકસ્માત્‌ના પ્રસંગો અવારનવાર બનતા જ રહે છે. તે ટાળવા માટે (૧) હાઈવે સિવાયના અંતરિયાળ માર્ગોનો વધુ ઉપયોગ કરવો. (૨) વધુ પડતો વહેલો વિહાર ન કરવો (૩) વિના કારણ કે નાનાં કારણે વિહારો ન કરવા. (૪) વિહાર દરમ્યાન સ્વાધ્યાય-જાપાદિ ન કરવા. (૫) શક્ય હોય ત્યાં વિહારસેવાગ્રુપોની અને પોલીસની સેવા લેવી (૬) એકેકની લાઈનમાં માર્ગની જમણી બાજુ ચાલવું વગેરે બાબતોનો ચુસ્ત અમલ કરવો.

### ▪। ઠરાવ નં.૩૯ ।▪

જૈનોનો લઘુમતિમાં સમાવેશ થયો છે. આનાં કારણે જૈનોને ધાર્મિક કે શૈક્ષણિક શું લાભ થઈ શકે તેની આ વિષયના જ્ઞાતાઓ દ્વારા જાણકારી મેળવી તેનો જૈન સંઘોમાં પ્રસાર કરવો.

### ▪। ઠરાવ નં.૪૦ ।▪

આજની યુવાપેઢીને ધર્મ તરફ વાળવા માટે (૧) ક્રિયાત્મક ધર્મની સાથે સાથે ગુણાત્મક (પ્રામાણિકતા-સત્યનિષ્ઠા આદિરૂપ) ધર્મની ખાસ પ્રેરણા (૨) પ્રભુ અને પ્રભુશાસન પ્રત્યે ખુમારીભર્યું સમર્પણ પ્રગટે તેવું સંસ્કરણ (૩) ભક્તિયોગનું પ્રાધાન્ય (૪) ધર્મક્ષેત્રીય વિવાદોથી તેઓને દૂર રાખવા તથા તેનો અંત લાવવાના ઉપાયો અજમાવવા.

### ▪। ઠરાવ નં.૪૧ ।▪

ધર્મશાસનનો વહીવટ કરનાર ટ્રસ્ટીઓ (૧) નિર્વ્યસની (૨) શ્રદ્ધા-આચારસંપન્ન (૩) શ્રમણોને પ્રાધાન્ય આપનાર (૪) દ્રવ્યસપ્તતિકાદિ ગ્રન્થ ગુરુમુખે સાંભળીને ધાર્મિક ક્ષેત્રના વહીવટના જાણકાર (૫) પ્રામાણિક હોવા જોઈએ. બને ત્યાં સુધી આજીવન ટ્રસ્ટીપદ ન હોય અને ચૂંટણીપદ્ધતિ ન હોય તે ઈચ્છનીય છે.

### ▪। ઠરાવ નં.૪૨ ।▪

કેટલોક પ્રબુદ્ધ-શિક્ષિત જૈન વર્ગ વિવિધ ધ્યાનપદ્ધતિઓ તથા નિશ્ચયાભાસી નવા પંથ તરફ આકર્ષાયો છે. તેઓ મૂળમાર્ગમાં રહીને ધ્યાન અંગે વાસ્તવિક સમજ પામી શકે

તે માટે, શ્રમણસંઘના આ વિષયના જ્ઞાતા ગુરુભગવંતો દ્વારા આવશ્યકાદિ ગૌણ ન થાય તે રીતે ધ્યાનશિબિરો યોજાવી જોઈએ. ધ્યાનવિષયમાં રસ ધરાવતા મુનિવરોએ આ વિષયમાં વધુ ઊંડાણ-સજ્જતા કેળવવી. આપણા પ્રાચીન-અર્વાચીન ગ્રન્થોનો અભ્યાસ કરી ધ્યાનનો વ્યવસ્થિત અભ્યાસક્રમ બનાવવો. આ માટે પૂ.આ.શ્રી વિ. ૐકારસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પૂ.આ.શ્રી વિ. યશોવિજયસૂરીશ્વરજી મ.ની મુખ્યતાએ ગુરુભગવંતોની એક સમિતિ રચવી.

## ▪। ઠરાવ નં.૪૩ ।▪

ધાર્મિક પ્રસંગો-અનુષ્ઠાનોમાં મર્યાદા અને વિવેક જળવાય તેનું ખાસ લક્ષ્ય રાખવું. વિશેષરૂપે ધ્વનિપ્રદૂષણ-અન્નપ્રદૂષણાદિ અટકાવવા કેટલાક નિયમન કરી શકાયઃ જેમ કે સંઘસાધર્મિકવાત્સલ્ય વગેરેમાં વાનગી મર્યાદિત સંખ્યામાં બનાવવી વગેરે.

## ▪। ઠરાવ નં.૪૪ ।▪

શ્રી ભગવતીસૂત્ર સુધીના યોગોદ્વહન કરનાર મુનિરાજને જ ગણિ-પંન્યાસ-ઉપાધ્યાય-આચાર્યપદ આપવાની શાસ્ત્રીય પ્રણાલિકાનું સૌએ ચુસ્ત પાલન કરવું. જેઓ જોગ વિના પદવી ગ્રહણ કરશે તેની પદવી અમાન્ય ગણાશે.

## ▪। ઠરાવ નં.૪૫ ।▪

આપણા જે સાધર્મિક બંધુઓ સીદાતા હોય તેમને જરૂરી ચીજ-વસ્તુ આપવાથી પણ વિશેષ શ્રાવકો દ્વારા લઘુ ગૃહઉદ્યોગ આદિ દ્વારા આત્મનિર્ભર કરવા, તેમના માટે રાહતદરે સાધર્મિકસંકુલ કરવા વગેરે અંગે શક્તિસંપન્ન પુણ્યાત્માઓને ખાસ પ્રેરણા કરવી.

## ▪। ઠરાવ નં.૪૬ ।▪

હાલમાં અમુક શહેરોમાં સાધર્મિક માટે 'ફાઉન્ડેશન'ની સુવિધાઓ છે. પરંતુ ગામડાના જૈન બંધુઓ માટે ખાસ વ્યવસ્થાતન્ત્ર નથી. ગુરુ-ભગવંતો એમનાથી પ્રભાવિત વિસ્તારોમાં વિભાગવાર કાર્ય કરાવીને ગામડાના જૈન બંધુઓ માટે પ્રયાસશીલ બને.

## ▪। ઠરાવ નં.૪૭ ।▪

*વિવિધ શહેરોમાં સાધર્મિકભક્તિની પ્રવૃત્તિ કરતી અનેક સંસ્થાઓ છે. આ સર્વ* સંસ્થાઓને પરસ્પર સંલગ્ન રાખતી કેન્દ્રીય વ્યવસ્થા કરવી. તે તે શહેરોના જૈનોનો ડેટાબેઝ તૈયાર કરાવવો, શ્રાવકો-શ્રાવકો સાથે મળીને પ્રવૃતિ કરી શકે તે માટે યથાયોગ્ય ઉપાયો થાય તે માટે શ્રાવકસમિતિ યોગ્ય ઉપાયો કરે.

## ▪| ઠરાવ નં.૪૮ |▪

લગભગ દરેક સંઘોમાં સાધારણખાતાની સ્થિતિ એવી હોય છે કે ત્યાં ખર્ચ મોટા હોય અને તેનાં પ્રમાણમાં આવક અલ્પ હોય. આનાં કારણે સંઘોમાં ઘણી સમસ્યા સર્જાય છે. આના એક નક્કર ઊકેલરૂપે આ શ્રમણસંમેલન સર્વ ગુરુભગવંતો તથા સમસ્ત જૈન સંઘોને માર્ગદર્શન આપે છે કે આ વર્ષના પર્યુષણાપર્વથી જ પ્રતિવર્ષ કલ્પધરના દિવસે (અથવા સમયાભાવ હોય તો પ્રારંભિક ત્રણ દિવસમાં) (૧) સાધારણ ખાતાથી બનાવેલ અષ્ટ મંગલની અલગ અલગ ઉછામણી બોલી સકલસંઘના મંગલ માટે તેના દર્શન કરાવવા (૨) શ્રી કલ્પસૂત્ર જે રાજા માટે પ્રથમ વાર જાહેરમાં સર્વત્ર વંચાવાયું હતું તે ધ્રુવસેનરાજા બનવાની ઉછામણી બોલાવવી (૩) સંઘશ્રેષ્ઠી બનવાની ઉછામણી પણ બોલાવવી (૪) સંવત્સરી મહાપર્વદિને બારસાસૂત્ર પૂર્ણ થવા આવે ત્યારે સકલ સંઘને સર્વપ્રથમ જાહેર ક્ષમાપના કરવાની ઉછામણી બોલાવવી. આ તમામ ૧૧ ઉછામણીની રકમ સંપૂર્ણપણે સર્વસાધારણખાતે લેવી. આ ઉપરાંત બારેય માસના માસિક સર્વસાધારણ ચડાવા, બારમાસી કે કાયમી સાધારણ ફંડ જેવા ઉપાયો પણ અમલી કરવા.

## ▪| ઠરાવ નં.૪૯ |▪

જે પ્રાચીન-અર્વાચીન તીર્થો, સંઘો, જિનાલયો અને ધર્મસ્થાનો સ્પષ્ટપણે તપાગચ્છના હોય તે તીર્થાદિના નામમાં 'તપાગચ્છ' શબ્દ જરૂરી છે.તે ખાસ લખાવવા માટે દરેક તપાગચ્છીય ગુરુભગવંતો-વહીવટદારો આદિએ ધ્યાન રાખવું. જેમ કે 'શ્રી જૈન શ્વે.મૂ. તપાગચ્છીય તીર્થ'. તપાગચ્છના તેવાં સ્થાનોમાં તપાગચ્છીય સાધુ-સાધ્વીજીએ વિશેષ વિચરણ કરવું. આ ઉપરાંત અન્ય સર્વ ગચ્છો સાથે સૌહાર્દના-આત્મીયતાના સંબંધ રાખીને શાસનસમર્પિત ભાવના સાથે જોડાવું.

## ▪| ઠરાવ નં.૫૦ |▪

ભારતમાં દૂર-સુદૂરનાં જે સ્થાનોમાં સાધુ-સાધ્વીજીનું વિચરણ નથી અને જૈન વસતિ-જિનાલયાદિ છે, તે સ્થાનોના જૈનો સંપર્કના અભાવે અન્ય મતો-ધર્મો તરફ વળી રહ્યા છે. આ જ રીતે પરદેશમાં સ્થાયી થયેલ આપણી જ પરંપરાના પરિવારો પણ ઉપરોક્ત કારણસર અન્યત્ર વળી રહ્યા છે. આ માટે શ્રદ્ધાસંપન્ન-જ્ઞાનસંપન્ન-આચારસંપન્ન-શ્રમણપ્રધાન વિચારધારાવાળો ધર્મપ્રચારક વર્ગ તૈયાર કરીને તેમના દ્વારા ધર્મપ્રચાર કરાવવો. આ માટે જે કોઈ ગુરુ ભગવંત અગ્રસેર થઈ પ્રવૃત્તિ કરે તેમને સૌએ પ્રોત્સાહન તથા સહયોગ આપવો.

## ▪। ઠરાવ નં.૫૧ ।▪

સરકારી વસતિગણતરીમાં ભારતભરના જૈનોની જે સંખ્યા દર્શાવાય છે તે બરાબર જણાતી નથી. જૈનોની સાચી જનસંખ્યા મેળવવા માટે જૈનો દ્વારા જૈન વસતિગણતરી થાય તેવી વ્યવસ્થા કરવી. આ માટે અલગ અલગ વિસ્તારોમાં તે તે સંઘો દ્વારા વસતિગણતરી થાય, તે કેન્દ્રીયસમિતિ પાસે આવે અને તેના આધારે પૂર્ણ માહિતી ઉપલબ્ધ થાય તેવું વ્યવસ્થાતંત્ર રચવું. આ માટે શ્રાવકસમિતિની રચના કરવી. આ રીતે જૈનોનો 'ડેટાબેઝ' તૈયાર કરવો.

## ▪। ઠરાવ નં.૫૨ ।▪

જે જે જૈનો વકીલો-સી.એ.-રાજકારણી-ઉદ્યોગપતિ આદિ છે તેમનાં અલગ અલગ ફેડરેશન રચાય અને જૈનશાસનની સમસ્યાના સમયે તેઓ ત્વરિત ઉપયોગી બને તે દિશામાં કાર્ય કરવા એક શ્રાવકસમિતિની નિયુક્તિ કરવી.

## ▪। ઠરાવ નં.૫૩ ।▪

જ્યારે જ્યારે જૈન સંઘોમાં પરસ્પર કલેશ કે ઘર્ષણની સ્થિતિ સર્જાય ત્યારે કોર્ટમાં જઈને સમય અને સંપત્તિનો વ્યય ન કરવો. તેના વિકલ્પરૂપે પ્રવરસમિતિ/ઉભયપક્ષ માન્ય ગુરુભગવંત અથવા અઢાર સમુદાયના એકેક શ્રાવકની સમિતિ સમક્ષ તે તે સંઘોએ પોતાના પ્રશ્નો રજૂ કરવા. તેઓ સ્થાનીય મહાસંઘના અગ્રણીઓને સાથે રાખીને ઉપરોક્ત તથા તેના જેવી સમસ્યાઓનું નિરાકરણ કરશે.

## ▪। ઠરાવ નં.૫૪ ।▪

દેવદ્રવ્યના પૂજા-નિર્માલ્ય-કલ્પિત નામે જે ત્રણ શાસ્ત્રસિદ્ધ પ્રકારનો નિર્દેશ વિ.સં. ૨૦૪૪ના શ્રમણ સંમેલનમાં કરાયો હતો તેને લક્ષ્યમાં રાખીને સંઘોને સ્પષ્ટ વહીવટી માર્ગદર્શિકા આપતી પુસ્તિકા શ્રમણસંમેલન તરફથી પ્રકાશિત કરાવવી અને દરેક સંઘોમાં તેનો અમલ થાય તે માટે પૂજ્યોએ પ્રેરણા-માર્ગદર્શન આપવું. કોઈએ અલગ પુસ્તિકા પ્રસારિત ન કરવી.

## ▪। ઠરાવ નં.૫૫ ।▪

શ્રી જૈન સંઘની સર્વોચ્ચ માર્ગદર્શક સત્તારૂપે પ્રવર્તમાન પાંચ પૂ.આચાર્યદેવોની પ્રવરસમિતિ હાલમાં જે કાર્યરત છે તે જ આગળ ઉપર પણ રહેશે. આ ઉપરાંત ૧૮ સમુદાયોના ૧-૧ પ્રતિનિધિરૂપે સ્થવિરસમિતિ કાર્યરત રહેશે.

## : પ્રવર સમિતિ :

પ.પૂ. તપાગચ્છાધિપતિ આ.ભ. **શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.**
પ.પૂ.ગચ્છાધિપતિ આ.ભ. **શ્રી વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મ.સા.**
પ.પૂ.ગચ્છાધિપતિ આ.ભ. **શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા.**
પ.પૂ.ગચ્છાધિપતિ આ.ભ. **શ્રી વિજય અભયદેવસૂરીશ્વરજી મ.સા.**
પ.પૂ.ગચ્છાધિપતિ આ.ભ. **શ્રી દોલતસાગરસૂરીશ્વરજી મ.સા.**

## : સ્થવિર સમિતિ :

પૂ.આ.ભ. **શ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી** મ.સા.
પૂ.આ.ભ. **શ્રી વિજય રાજયશસૂરીશ્વરજી** મ.સા.
પૂ.આ.ભ. **શ્રી વિજય યશોવિજયસૂરીશ્વરજી** મ.સા. (કન્વીનર)
પૂ.આ.ભ. **શ્રી વિજય નિત્યાનંદસૂરીશ્વરજી** મ.સા.
પૂ.આ.ભ. **શ્રી વિજય રાજશેખરસૂરીશ્વરજી** મ.સા.
પૂ.આ.ભ. **શ્રી હેમચન્દ્રસાગરસૂરીશ્વરજી** મ.સા.
પૂ.આ.ભ. **શ્રી વિજય રત્નસુંદરસૂરીશ્વરજી** મ.સા.
પૂ.આ.ભ. **શ્રી વિજય પ્રદ્યુમ્નવિમલસૂરીશ્વરજી** મ.સા.
પૂ.આ.ભ. **શ્રી વિજય ધર્મધુરંધરસૂરીશ્વરજી** મ.સા.
પૂ.આ.ભ. **શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી** મ.સા.
પૂ.આ.ભ. **શ્રી વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી** મ.સા.
(પૂ.આ.ભ. શ્રી ભક્તિસૂરીશ્વરજી મ.સા.નો સમુદાય)
પૂ.આ.ભ. **શ્રી વિજય રાજહંસસૂરીશ્વરજી** મ.સા.
પૂ.આ.ભ. **શ્રી વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી** મ.સા.
(પૂ. મોહનલાલજી મ.સા. નો સમુદાય)
પૂ.આ.ભ. **શ્રી વિજય કલ્પતરુસૂરીશ્વરજી** મ.સા.
પૂ.આ.ભ. **શ્રી વિજય રવિશેખરસૂરીશ્વરજી** મ.સા.
પૂ.આ.ભ. **શ્રી અજયસાગરસૂરીશ્વરજી** મ.સા.
પૂ.પં. **શ્રી પ્રશમેશપ્રભવિજયજી** ગણિવર
પૂ.પં. **શ્રી વિજ્ઞાનપ્રભવિજયજી** ગણિવર

## ▪। ઠરાવ નં.૫૬ ।▪

૧૮ સમુદાયના પાંચ પાંચ શ્રાવકોનું પ્રતિનિધિત્વ ધરાવતી સેન્ટ્રલ કોઓર્ડિનેશન કમિટિ બનાવવી. આ સમિતિમાંથી જરૂર મુજબ અન્યાન્ય સમિતિની રચના થઈ શકશે.

## ▪। ઠરાવ નં.૫૭ ।▪

પારિષ્ઠાપનિકા સમિતિ અંગે આ શ્રમણ સંમેલન ભારપૂર્વક જણાવે છે કે સાધુ-સાધ્વીજી ભગવંતોએ શાસનની અપભ્રાજના ન થાય અને આપણી આચારમર્યાદા બરાબર સચવાય તે રીતે વર્તવું.

## ▪। ઠરાવ નં.૫૮ ।▪

પૂર્વે જેઓ જૈન ધર્મથી જોડાયેલા હતા તેવા વર્ગો જૈન ધર્મ તરફ પુનઃ વળે તે માટે સૌએ શ્રેષ્ઠ પ્રયત્નો કરવા. આવા પ્રયત્નો જે ગુરુભગવંતો-સંસ્થા દ્વારા થાય તેની હાર્દિક અનુમોદના કરવી અને શક્ય સર્વ રીતે સહયોગ આપવો.

## ▪। ઠરાવ નં.૫૯ ।▪

જૈન સંઘની નવી પેઢી ધર્મસંસ્કરણ સહિતનું ઉચ્ચ શિક્ષણ પામે તે માટે જૈન સ્કૂલ-યુનિવર્સીટી વગેરે વિશાલ ફલક પર શ્રાવકો દ્વારા થઈ શકે. આ હેતુ સિદ્ધ કરવા માટે ભારતભરની જૈનોની મુખ્યતાવાળી સ્કૂલોની જાણકારી ધરાવતાં સદ્‌ગૃહસ્થો સાથે સંપર્ક કરીને શ્રાવક સમિતિ તે દિશામાં આગળ વધી શકે.

## ▪। ઠરાવ નં.૬૦ ।▪

સંશોધક શ્રમણોના વૃંદ દ્વારા ઐતિહાસિક તથ્યોની ચકાસણી સાથે જૈન ઈતિહાસના વોલ્યુમ પ્રકાશિત થાય તે માટે પરિણામલક્ષી પ્રયાસ કરાય.

## ▪। ઠરાવ નં.૬૧ ।▪

જૈન પંચાગનું નિર્માણ આગમશાસ્ત્રોના આધારે થઈ શકે કે કેમ? તેની ચકાસણી માટે પૂ.આ.ભ. શ્રી ધર્મધુરંધરસૂરીજી મ.સા. તથા પૂ.આ.ભ. શ્રી ભાગ્યેશસૂરીશ્વરજી મ.સા. આદિ ગુરુભગવંતોની સમિતિ સઘન અભ્યાસ કરી તેનો નિષ્કર્ષ પ્રવર સમિતિને આપશે.

## ▪। ઠરાવ નં.૬૨ ।▪

શ્રી શત્રુંજયગિરિરાજની વિવિધ સમસ્યાઓનાં નિવારણ માટે એક શ્રમણસમિતિની નિમણુંક કરાશે. આ સમિતિ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સાથે સંપર્ક કરી ઉચિત ઉપાયો કરાવશે.

## ।। ઠરાવ નં.૬૩ ।।

સમસ્ત જૈન સંઘોમાં જીવદયા-અબોલ પ્રાણીઓની સેવા માટે કાર્યરત સંસ્થાઓ દ્વારા થતી પ્રવૃત્તિઓ પર એક કેન્દ્રીય સમિતિની દેખરેખ રહે અને વિભાગવાર જરૂરીયાતો પૂર્ણ થાય તેવી વ્યવસ્થા કરવી.

## ।। ધર્મ સંસદમાં નિર્ણિત નિર્ણયો ।।

વિક્રમ સંવત ૨૦૭૨ (ઈ.સ.૨૦૧૬) દરમ્યાન પાલીતાણા મુકામે તપાગચ્છીય મુનિ સંમેલન (ધર્મ સંસદ)માં નિર્ણિત થયેલ છે કે -

(૧) જૈન ધર્મની દીક્ષા એ એક ધાર્મિક કૃત્ય છે. કોણે દીક્ષા લેવી ? અને કોને દીક્ષા આપવી ? એ સંઘના ધાર્મિક અધિકારમાં સમાતિ બાબત છે. જે બાબતમાં કોઈ પણ અન્ય વ્યક્તિ, સંસ્થા કે સરકારને દખલગીરી કરવાનો અધિકાર નથી. ક્યારેક કહેવાતી બાળદીક્ષાના મુદ્દે અનધિકૃત વ્યકિતઓ દ્વારા વિરોધ, મિડીયામાં અપપ્રચાર વગેરે કરવામાં આવે છે. એને આ તપાગચ્છીય શ્રમણ સંમેલન વખોડે છે અને જાહેર કરે છે કે આવી અનધિકૃત ચેષ્ટા કોઈએ કરવી નહિં.

(૨) દરેક ધર્મની જેમ જૈન ધર્મના પણ દરેક ક્ષેત્રો વગેરેનું સંચાલન કરવાનો ધાર્મિક અને બંધારણીય અધિકાર શ્રમણ પ્રધાન જૈન સંઘનો છે અને એ અધિકારને નિયંત્રિત કરવાનો કે બાધિત કરવાનો કોઈને અધિકાર નથી અને એ અંગે કાયદાઓ કરવા, ચેરીટી કમિશ્નર વગેરે અધિકારીઓ દ્વારા કોઈ પણ જાતની દખલગીરી વગેરે કરવાનો પણ અધિકાર નથી. ધાર્મિક ટ્રસ્ટો અને એમની ગતિ-વિધિઓ ચેરીટી કમિશ્નરના અધિકાર ક્ષેત્ર બહાર- કાયમી ધોરણે રહેવી જોઈએ. જૈન સંઘના દરેક ક્ષેત્રોનો વહીવટ એમના અધિકારી, વહીવટદારો દ્વારા શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે થતો હોય છે અને એ વ્યવસ્થામાં કોઈપણ બાધક દરમ્યાનગિરિ ન કરે તેની તાકીદ કરીએ છીએ.

(૩) અમારા શાસ્ત્રગ્રંથો એ અમારા શાસનની સંપત્તિ છે અને એ સંપત્તિ સાથે કોઈ પણ છેડછાડ કરવાનો, જાળવણીના નામે એનો કબજો લેવાનો અથવા તો અનધિકૃત રૂપે અન્ય ભાષાઓમાં તેનું ભાષાંતર કરવાનો કોઈને પણ અધિકાર નથી. શ્રીસંઘ એના શ્રુતની જાળવણી માટે સર્વથા સક્ષમ છે અને એની જાળવણીની એ પદ્ધતિ નિરાબાધ રૂપે શ્રીસંઘના અખત્યાર હેઠળ કાયમ રહેવી જોઈએ.

(૪) આ તપાગચ્છીય શ્રમણ સંમેલન અત્યંત ખેદપૂર્વક નોંધ લે છે કે કેટલીક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના દબાણ હેઠળ ભારત રાષ્ટ્રની કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા અનેક એવા કાયદાઓ બને છે. જેનાથી અમારા જૈનશાસનની ઉપર નિયંત્રણ આવી શકે છે. આથી અમે સ્પષ્ટપણે જાહેર કરીએ છીએ કે, જૈન શાસન, જૈન ધર્મ, જૈન શાસનની સંપત્તિ, તેનો વહીવટ, અનુષ્ઠાનો ઈત્યાદિ જૈન શાસ્ત્રાજ્ઞા દ્વારા જ નિયંત્રિત હોય છે. તે સિવાય નહીં. શાસ્ત્રાજ્ઞા નિરપેક્ષ અન્ય કોઈપણ નિયંત્રણનો અમે જાહેર રીતે અસ્વીકાર કરીએ છીએ અને તાકિદ પણ કરીએ છીએ કે, શાસનબાહ્ય કોઈપણ વ્યક્તિ, સરકાર કે સત્તા દ્વારા આવા પ્રયત્નો કરવામાં ન આવે.

આ તપાગચ્છીય શ્રમણ સંમેલનમાં શ્વેતામ્બર પરંપરાના સર્વે ગચ્છો, ગચ્છાધિપતિઓ, ૭૫ જેટલા આચાર્ય ભગવંતો, અનેક પંન્યાસજી મહારાજો, સેંકડો-મુનિરાજો અને હજારો સાધ્વીજી મહારાજો સંમિલિત થયા અને તેથી પૂર્વોક્ત ઠરાવો સમસ્ત શ્રીસંઘના પ્રધાનરૂપ એવા શ્રમણો અને શ્રમણીઓની સત્તા દ્વારા પસાર કરવામાં આવ્યા છે.

બાલદીક્ષા, કેશલુંચન-ગોચરી ક્રિયા વગેરે જૈન શાસ્ત્રોક્ત અને સુવિહિત પરંપરાથી ચાલી આવતી ધર્મક્રિયા છે, તેને અટકાવવાનો કોઈ પણ ઉપક્રમ એ ધાર્મિક સ્વાતંત્ર્યના ભંગ સમાન છે.

કોઈ પણ વિરોધ, કાયદાકીય અડચણ અમારા ધર્માચારને અવરોધે નહીં. તેવો અનુરોધ સમગ્ર તપાગચ્છ મુનિ સંમેલન સર્વાનુમતે કરે છે.

**(૭૫ આચાર્ય ભગવંતો સહિત હજારો શ્રમણ-શ્રમણીવૃંદ)**

**વિ.સં.૨૦૭૨ - પાલિતાણા**

| સમુદાય નામ | ગચ્છાધિપતિ નામ | ઉપસ્થિત વડીલોના હસ્તાક્ષર |
|---|---|---|
| પૂ.આ.શ્રી વિ. ભક્તિસૂરીશ્વરજી મ. | પૂ.આ.શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મ. | વિજય હેમચંદ્રસૂરિ... |
| પૂ.આ.શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. | પૂ.આ.શ્રી મનોહરકીર્તિસાગર સૂ.મ. | પદ્મસાગરસૂરિ |
| પૂ.આ.શ્રી વિ. નેમિસૂરીશ્વરજી મ. | પૂ.આ.શ્રી વિ. હેમચન્દ્રસૂરીશ્વરજી મ. | વિજય હેમચન્દ્રસૂરિ |
| પૂ.આ.શ્રી વિ. ધર્મસૂરીશ્વરજી મ. | પૂ.આ.શ્રી વિ. કનકરત્નસૂરીશ્વરજી મ. | વિજયરાજરત્નસૂરિ |
| પૂ.આ.શ્રી વિ. પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી મ. | પૂ.આ.શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મ. | આ.વિ. રત્નસુંદરસૂરિ |
| પૂ.પં.શ્રી ધર્મવિજયજી મ. (ડહેલાવાળા) | પૂ.આ.શ્રી વિ. અભયદેવસૂરીશ્વરજી મ. | આ.વિજય અભયદેવસૂરિ |
| પૂ.આ.શ્રી વિ. લબ્ધિસૂરીશ્વરજી મ. | પૂ.આ.શ્રી વિ. અશોકરત્નસૂરીશ્વરજી મ. | આ.વિજય રાજયશસૂરિ. |
| પૂ.આ.શ્રી વિ. નીતિસૂરીશ્વરજી મ. | પૂ.આ.શ્રી વિ. હેમપ્રભસૂરીશ્વરજી મ. | આ.વિ. હેમપ્રભસૂરિ |
| પૂ.આ.શ્રી વિ. કેસરસૂરીશ્વરજી મ. | પૂ.આ.શ્રી વિ. હેમપ્રભસૂરીશ્વરજી મ. | પં. વિજ્ઞાનપ્રભ વિજય |
| પૂ.આ.શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ. | પૂ.આ.શ્રી દોલતસાગરસૂરીશ્વરજી મ. | દોલતસા૦ |
| પૂ.આ.શ્રી વિ. સિદ્ધિસૂરીશ્વરજી મ. | પૂ.આ.શ્રી વિ. અરવિંદસૂરીશ્વરજી મ. | અશોકચન્દ્રસૂરિ. |
| પૂ.વિમલગચ્છ | પૂ.આ.શ્રી પ્રદ્યુમ્નવિમલસૂરીશ્વરજી મ. | प्रद्युम्न विमल सूरि |
| પૂ.આ.શ્રી વિ. શાંતિચન્દ્રસૂરીશ્વરજી મ. | પૂ.આ.શ્રી વિ. રાજશેખરસૂરીશ્વરજી મ. | રાજશેખરસૂ |
| પૂ. શ્રી મોહનલાલજી મ. | પૂ.આ.શ્રી વિ. કીર્તિસેનસૂરીશ્વરજી મ. | કીર્તિસેનસૂરિ |
| પૂ.આ.શ્રી વિ. કલાપૂર્ણસૂરીશ્વરજી મ. | પૂ.આ.શ્રી વિ. કલાપ્રભસૂરીશ્વરજી મ. | કલાપ્રભ સૂ. |
| પૂ.આ.શ્રી વિ. હિમાચલસૂરીશ્વરજી મ. | પૂ.આ.શ્રી વિ. રવિશેખરસૂરીશ્વરજી મ. | આ.વિ. હેમપ્રભસૂરિ |

**નોંધ :- પ.પૂ.આ. શ્રી વિ. વલ્લભસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના આચાર્યભગવંતોએ આ સંમેલનમાં ઉપસ્થિત રહીને સહી સાથે ઉપરોક્ત ઠરાવોને માન્યતા આપેલ છે.**

# વિરાટ તપાગચ્છીય
# શ્રમણસંમેલન
## (વિ.સં.૨૦૭૨)ના
## ઠરાવોની ઉપયોગિતાની
## સંક્ષિપ્ત સમજ

## : ભૂમિકા :

શ્રી સિદ્ધગિરિરાજની પવિત્ર છાયામાં, શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત પારણાભવનમાં યોજાયેલ શ્રમણ સંમેલનમાં ફાગણ વદિ ત્રીજથી દશમ દરમ્યાન પ્રતિદિન બબ્બે ચર્ચાસત્રો યોજાયા અને અગિયારશે સંમેલનની ફલશ્રુતિઉદ્‌ઘોષણા મહાસભા યોજાઈ. આઠ દિવસમાં કુલ પંદર ચર્ચાસત્રો અને એક શ્રાવકસમિતિ સાથેની વિચારણાબેઠક થઈ. દરેક ચર્ચાસત્ર અંદાજે ત્રણ કલાકનું રહેતું અને તેમાં ૭૫ પૂ. આચાર્યદેવોસહિત અંદાજે છસો મુનિભગવંતો ઉપસ્થિત રહેતા હતા. પ્રતિદિન ચર્ચાસત્રના પ્રારંભે શ્રાવકસમિતિ માંગલિક શ્રવણ માટે ઉપસ્થિત રહેતી હતી. મંગલાચરણ બાદ પ્રતિદિન ઝિલાવાતી નમસ્કારમહામન્ત્રની વિશિષ્ટ લયબદ્ધ સૂરાવલિથી સમસ્ત શ્રમણપર્ષદાને નવકારમય બનાવાઈ હતી, તો તે પછી સંમેલનાધ્યક્ષ પૂજયશ્રી તથા પ્રવરસમિતિના પૂ. આચાર્યદેવો મંગલ આશીર્વચન ફરમાવતા હતા.

ચર્ચાસત્રમાં વિચારણાસૂચિ (એજન્ડા)ના પ્રત્યેક વિષય પર લગભગ દરેક સમુદાયના ગુરુભગવંતો મુક્તભાવે પોતાના વિચારો વ્યક્ત કરતા હતા. કેટલાક ગુરુભગવંતો શાસ્ત્રપાઠની નોંધ લઈને પધારતા હતા, તો કેટલાક ગુરુભગવંતો શાસ્ત્રના પાના લઈને ચર્ચા કરતા હતા. શ્રમણસંમેલનના આ ચર્ચાસત્રોનાં દર્શન નયન-મનને પાવન કરે એવા હતા. દરેક મુદ્દાની ચર્ચાના અંતે સર્વ વિચારો આવરી લઈને ઠરાવનું મૌખિક સ્વરૂપ ઘોષિત કરાતું હતું. સહુ ગુરુભગવંતો એને મંજૂર કરે તે પછી નવા મુદ્દાની ચર્ચા આરંભાતી. એક દિવસમાં મંજૂર થયેલ સર્વ ઠરાવો બીજા દિવસના ચર્ચાસત્રના પ્રારંભે સહુને લેખિતસ્વરૂપે વાંચી સંભળાવાતા હતા. તે પછી પૂર્વદિનના તે તમામ ઠરાવો પર સર્વ સમુદાયોના પૂ. ગચ્છાધિપતિશ્રીઓ કે તેમના પ્રતિનિધિ પૂજયશ્રીઓની સહી થતી હતી. આવા કુલ ૬૩ ઠરાવો પસાર કરાયા હતા. લગભગ તમામ ઠરાવો સ્પષ્ટ સમજાય તેવા જ છે. છતાં અહીં તેની ઉપયોગિતાની સંક્ષિપ્ત સમજ અપાય છે.

## ▪। ઠરાવ નં.૧ ની સમજ ।▪

કેટલાય પ્રાચીન સ્થાનોમાં પ્રભુપ્રતિમાજીની સંખ્યા વિપુલ અને પૂજા કરનાર જૈનોની સંખ્યા નહિવત્ હોવાનાં કારણે જે આશાતના થાય છે-અવ્યવસ્થાદિ સર્જાય છે તેને દૂર કરવાનું કાયમી સરસ માર્ગદર્શન આ ઠરાવમાંથી મળી રહે છે. ઉપરાંત શહેર વગેરે સ્થાનોના વિપુલ વસતિ ધરાવતા જૈન સંઘોને પ્રાચીન પ્રભુપ્રતિમાજીની ભક્તિ-ઉપાસનાનો લાભ મળી રહેશે. તે તે પ્રાચીન સ્થાનોના જિનાલયો પર જૈન સંઘની માલિકી જળવાઈ રહે અને એ નહિવત્ વસતિવાળાં સ્થાનોને, વ્યવસ્થા માટે સાધારણ દ્રવ્યનો લાભ મોટા સંઘો તરફથી થાય તેની પણ તકેદારી શ્રમણસંમેલને આ ઠરાવ દ્વારા વ્યક્ત કરી છે.

## ▪। ઠરાવ નં.૨ ની સમજ ।▪

નાના ગામડાઓનાં પ્રાચીન તીર્થો આદિમાં અને અમદાવાદ-સુરત વગેરે શહેરોના જૂના મહોલ્લા-પોળોમાં ઘણા એવા જિનાલયો છે કે જયાં પાષાણના-ધાતુના પ્રભુજીઓ ખૂબ વિશાલ સંખ્યામાં હોય, વસતિના અભાવે ત્યાં પ્રભુપૂજાદિ કૃત્યો જોઈએ તેવી રીતે ન થતા હોય અને તત્કાલ મોટા સંઘોમાંથી તેવા પ્રભુજીઓની માંગણી ન હોય. એ સ્થિતિમાં, આ મૂર્તિભંડારની પરિકલ્પના ખૂબ ઉપકારી-ઉપયોગી બની શકશે. અમૂક અમૂક નિશ્ચિત સ્થાનોને મૂર્તિભંડારરૂપે સુસજ્જ કરવાથી ત્યાં બધી જ વ્યવસ્થા સુચારુરૂપે થશે અને તે તે સ્થાનોના ઘણા ઘણા જિનાલયોના વ્યવસ્થાપકોને વ્યવસ્થાઓના પડકારથી મુક્તિ મળશે. એક વાત આમાંથી એ પણ સૂચિત થાય છે કે સેંકડોની સંખ્યામાં નવા પ્રભુજીઓ ભરાવીને તેનો મૂર્તિભંડાર કરવા કરતાં પ્રાચીન પ્રભુજીઓ પૂર્વોક્ત જેવા સ્થાનેથી મેળવી તેનો મૂર્તિભંડાર રચવો વધુ યોગ્ય અને હિતાવહ છે.

## ▪। ઠરાવ નં.3 ની સમજ ।▪

કેટલી ય ઘટનાઓ આજે પણ એવી જોવા મળે છે કે જેમાં ખોદકામ દરમ્યાન ભૂમિમાંથી પ્રભુપ્રતિમાઓ નીકળે. પ્રતિમા અખંડ મળે ત્યારે જૈનોનો ઉમંગ યોગ્યપણે જ આસમાને આંબી જાય. પરંતુ ખોદકામ આદિ કારણે પ્રતિમા ખંડિત થયેલ મળે તો જૈનો તે માટે નીરસ બની જતા હોય છે. વસ્તુતઃ આવી ખંડિત પ્રતિમાઓ અને જીર્ણ-શીર્ણ મંદિરશિલ્પો પણ ઐતિહાસિક તથ્યો નિશ્ચિત કરવામાં મહત્ત્વની કડી પુરવાર થતા હોય છે. માટે એના પ્રત્યે ઉદાસીનતા દાખવ્યા વિના એની જાળવણી કરવાનો દૂરંદેશીભર્યો નિર્દેશ આ ઠરાવ કરે છે.

## ▪। ઠરાવ નં.૪ની સમજ ।▪

જ્યાં પૂજા કરનાર વિપુલ પ્રમાણમાં હોય છે ત્યાં દીર્ઘકાળે મુખ્યત્વે ધાતુપ્રતિમા અંગે આ પ્રશ્ન વારંવાર આવે છે કે પ્રભુજીનું નાક-પ્રભુજીનાં કાન ઈત્યાદિ ઘસાઈ ગયા છે તો વિસર્જન કરી દઈએ ? વસ્તુતઃ વિસર્જનવિધિ હાલતા-ચાલતા કરવા જેવી પ્રક્રિયા નથી. પૂર્વના જાણકાર વિધિકારક શ્રાદ્ધવર્યો પ્રતિમાવિસર્જન માટે લગભગ તૈયાર થતા ન હતા. એનાં ઘણા વજૂદભર્યાં કારણો પણ છે. આ ઠરાવ આ વિષયમાં ઘણું સરસ માર્ગદર્શન આપે છે. ઉપરાંત નવખંડા પાર્શ્વનાથ જેવાં ઉદાહરણોને લક્ષ્યમાં રાખીને ઐતિહાસિક મૂર્તિ માટે, અંગ ખંડિત થઈ ગયા હોય તો ય અપવાદનું વિધાન કરે છે. તાજેતરમાં થોડાં વર્ષ પૂર્વે નાડલાઈ તીર્થમાં બનેલ ઘટનાસમયે પણ ગીતાર્થ પૂજ્યોએ આવું જ માર્ગદર્શન આપ્યું હતું.

## ▪। ઠરાવ નં.૫ની સમજ ।▪

જિનાલયોનાં-તીર્થોનાં નિર્માણ એ શ્રાવકોનું કાર્ય છે, શ્રમણોનું નહિ. શ્રમણોએ તો પોતાના ઉપદેશકર્તવ્યના એક ભાગરૂપે પ્રસંગાનુસાર જિનાલયનિર્માણાદિનો મહિમા/લાભ આદિની પ્રરૂપણા કરવાની હોય. આ જિનાલયાદિ હાઈવે જેવા સ્થાનો પર સર્જાય ત્યારે જેમ રજાઓમાં યાત્રિકોને ભક્તિનો લાભ-ઉપધાનાદિ અનુષ્ઠાનોનો લાભ વગેરે થાય છે તેમ એ જિનાલયોની-તીર્થોની ભાવિ સુરક્ષાના યક્ષપ્રશ્નો, આસપાસની ઈતર પ્રજાના અતિક્રમણો, અસામાજિક તત્ત્વો દ્વારા દુરુપયોગ જેવા અનિષ્ટોની પણ પૂર્ણ સંભાવના છે. આથી પરિપક્વ વિચારણાના અંતે હવેથી આવા સ્થાનોમાં તીર્થનિર્માણ કરવા-કરાવવા પર શ્રમણસંમેલને બહુ સમુચિતપણે આ ઠરાવ દ્વારા પ્રતિબંધ ફરમાવ્યો છે.

## ▪। ઠરાવ નં.૬ની સમજ ।▪

હજુ થોડાં દશક પૂર્વે પણ એ સુખદ પરિસ્થિતિ હતી કે, સંયમયાત્રાની મુખ્યતાએ વિહારયાત્રા કરતાં શ્રમણ-શ્રમણીભગવંતોના વિહારોનાં કારણે અનાયાસે જ નાના-મોટાં ગામ-નગરોની જૈન-અજૈન પ્રજાને યથાશક્ય ધર્મ-લાભ થતો હતો. છેલ્લા થોડાં વર્ષોમાં આ પરિસ્થિતિમાં મહદંશે પરિવર્તન આવ્યું છે અને વિહારો ઘણા ભાગે હાઈવે જેવા ધોરીમાર્ગે વધતા ગયા છે. આનાં એક ચિંતાજનક પરિણામરૂપે અકસ્માત્નાં પ્રમાણ વધ્યા છે. આ બન્ને બાબતો લક્ષ્યમાં રાખીને શ્રમણસંમેલને આ ઠરાવના પૂર્વાર્ધમાં અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાંથી વિહાર અંગે અનુરોધ કર્યો છે. છતાં પણ કેટલીક વિષમતાઓવશ હાઈવે જેવા સ્થાનોનો વિહાર પ્રસંગોપાત્ત જારી રહેતો હોવાથી ત્યાં વિહારધામ જરૂરી બને તો પણ તેની ચોક્કસ મર્યાદાઓ આ ઠરાવના ઉત્તરાર્ધમાં દર્શાવાઈ છે.

## ▪। ઠરાવ નં.૭ ની સમજ ।▪

પરમાત્મા શ્રી જિનેશ્વર ભગવંતો ઉચ્ચતમ ગુણવત્તાના ધારક છે અને આપણા પર ઉચ્ચ આધ્યાત્મિક ઉપકાર કરનાર છે. એ તારક ભગવંતોની પૂજા-ભક્તિ પણ યથા યોગ્ય ઉચ્ચ દ્રવ્યોથી કરાવી જોઈએ. ક્યાંક દેખાદેખીથી કે માત્ર શોભાની દૃષ્ટિથી, ન્યૂન ગુણવત્તાવાળા પદાર્થો ભક્તિમાં ન પ્રયોજાય તે માટે આ ઠરાવ લાલબત્તી ધરે છે. ઉપરાંત વીતરાગ પરમાત્માનો દેખાવ એમની લોકોત્તર કક્ષાની અનુભૂતિ કરાવે, તે રીતે અંગરચનાભક્તિ કરવાનું ધ્યાન દોરાયું છે. એમાં અવરોધ કરતી હાલમાં ક્યાંક ક્યાંક થતી તૈયાર વસ્ત્રોની આંગીનો એથી જ નિષેધ કરાયો છે.

## ▪। ઠરાવ નં.૮ ની સમજ ।▪

પ્રભુપ્રતિમાની શુદ્ધિ- સ્વચ્છતા માટે વાળાકૂંચી પરંપરાગત સાધન ચોક્કસ છે. પરંતુ એનો ઉપયોગ બેદરકારીપૂર્વક બિલકુલ ન કરાય એ ખ્યાલ આ ઠરાવ આપે છે.

## ▪। ઠરાવ નં.૯ ની સમજ ।▪

પરમાત્માની પ્રતિમા ઈતર દેવ-દેવીઓની જેમ પશુ-પંખી આદિ પર વિરાજિત કરવાનું જૈન શાસ્ત્રોમાં નિષિદ્ધ છે. ક્યાંક ક્યાંક નવીનતાની કે આકર્ષણાદિની દૃષ્ટિએ પશુ-પંખી અને ગ્રહો વગેરે પર પરમાત્માની પ્રતિમા વિરાજિત કરાતી જોઈને શ્રમણસંમેલને આ ઠરાવ દ્વારા એ ગલત પ્રવૃત્તિનો નિષેધ કર્યો છે.

## ▪। ઠરાવ નં.૧૦ ની સમજ ।▪

સામાન્યતઃ જિનાલયો બે પ્રકારના હોય છે : ગૃહજિનાલય અને શિખરબદ્ધ જિનાલય. જે ગૃહજિનાલયો છે તેને શિલ્પશાસ્ત્ર સંબંધી નિયમ નથી હોતા. જે શિખરબદ્ધ પ્રકારના જિનાલયો છે તેને શિલ્પશાસ્ત્રના સર્વ નિયમો લાગુ પડે છે. વર્તમાનમાં ક્યાંક ક્યાંક એવા જિનાલયો રચાય છે કે જેનું સ્વરૂપ ગૃહજિનાલયનું નહિ, બલ્કે મોટા-શિખરબદ્ધ જેવા જિનાલયનું હોય અને છતાં કળશ-શંખ-જહાજ વગેરે નવા નવા આકારો કરવા જતાં શિલ્પશાસ્ત્રના નિયમો જળવાતા ન હોય. આ પદ્ધતિનાં જિનાલયનિર્માણોનો *નિષેધ આ ઠરાવ દ્વારા કરાયો છે.*

## ▪। ઠરાવ નં.૧૧ ની સમજ ।▪

'**घुसृणोन्मिश्रपाटीरजःद्रवैः**' પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરના આ શબ્દોથી એવું પ્રતીત થાય છે કે સામાન્યતઃ ગૃહસ્થો દ્વારા થતી પ્રભુપૂજામાં ચંદનની

મુખ્યતા અને તેમાં કેસરનું મિશ્રણ હોય. પૂજામાં આ બન્ને દ્રવ્યો શાસ્ત્રવિહિત હોવાનું જણાવીને આ ઠરાવ એ ધ્યાન દોરે છે કે પ્રતિમાજીમાં ખાડા ન પડી જાય-એને નુકસાન ન થાય તે રીતે પ્રભુપૂજા કરવી.

## ▪। ઠરાવ નં.૧૨ની સમજ ।▪

ત્રણેક દાયકા પૂર્વે તત્કાલીન ગીતાર્થ પૂજય આચાર્યદેવોએ, અક્ષયતૃતીયાદિને શ્રી શત્રુંજયમહાતીર્થે થતી અભિષેકપ્રવૃત્તિમાં જયણા જળવાય તે માટે શેઠ આણંદજી કલ્યાણજી પેઢીને માર્ગદર્શન આપીને જલનો ભાગ ખૂબ વિશેષ અને ઈક્ષુરસનો ભાગ અત્યલ્પ : આ રીતે અભિષેકવ્યવસ્થા સૂચવી હતી. એ વ્યવસ્થા આજપર્યંત અખંડ ચાલે છે. એ જ માર્ગદર્શનને અનુરૂપ આ ઠરાવ દ્વારા શ્રમણસંમેલને ગામોગામના જૈન સંઘોને પ્રેરણા કરી છે કે વિધિ સચવાય એટલા પૂરતા દૂધ-ઘૃત-ઈક્ષુરસ ભેળવીને જલની મુખ્યતાએ અભિષેકપ્રવૃત્તિ કરવી. જેથી જયણાધર્મનું સુંદર પાલન થાય.

## ▪। ઠરાવ નં.13 ની સમજ ।▪

શ્રી તીર્થંકરભગવંતોરૂપી વિરલવિભૂતિ માટે દેવો સમવસરણની રચના કરે છે. પૂ. ગુરુભગવંતોની બેઠક માટે એ સમવસરણનું અનુકરણ ભક્તિરૂપે પણ કરવું યોગ્ય નથી. આવી પ્રવૃત્તિથી તીર્થંકરપ્રભુની ગરિમાને હાનિ પહોંચતી હોવાથી આ ઠરાવ દ્વારા તેનો નિષેધ કરાયો છે. આ ઠરાવ એક સંકેત એ પણ કરે છે કે ત્યાગપ્રધાન જૈન ગુરુભગવંતો બાદશાહી દેખાવ ધરાવતી રચનાઓ પર વિરાજે તે એમના ત્યાગમય જીવનને અનુરૂપ ન હોવાનું લાગે છે. માટે એ પણ વર્જ્ય ગણવું. આ ઉપરાંત ગુરુપૂર્ણિમા જેવા લૌકિક પર્વ પ્રસંગે ક્યાંક ગુરુપર્વોત્સવ શરૂ થયા છે. આ જૈનશાસનમાન્ય પ્રવૃત્તિ જરા પણ નથી. માટે શ્રમણસંમેલને આ ઠરાવમાં એનો પણ નિષેધ કર્યો છે.

## ▪। ઠરાવ નં.૧૪ની સમજ ।▪

જૈન ઐતિહાસિક કડીઓ મજબૂત રૂપ પામે અને ભાવિક વર્ગને તે તે તીર્થોની ભક્તિનો લાભ મળે તે માટે લુપ્ત કલ્યાણક ભૂમિઓનું-તીર્થોનું સંશોધનકાર્ય કરાવવાનો નિર્દેશ આ ઠરાવના પ્રારંભે કરીને શ્રમણસંમેલને ખૂબ જ મહત્ત્વનું દિશાસૂચન કર્યું છે. આ ઉપરાંત પ્રત્યક્ષ ઉપલબ્ધ કલ્યાણકભૂમિ આદિના જીર્ણોદ્ધાર અંગે દર્શાવેલ સાવચેતી પણ એકદમ અગત્યની છે. અનિવાર્યતા વિનાનો જીર્ણોદ્ધાર અને તેમાં દાખવાયેલી ગંભીર બેદરકારીનું જે દુષ્પરિણામ તાજેતરમાં ક્ષત્રિયકુંડતીર્થમાં તેમજ સમેતશિખરજી-જલમંદિરમાં આવ્યું એ સૌની નજર સમક્ષ જ છે. એથી આ ઠરાવનો સુવ્યવસ્થિત અમલ જરૂરી છે.

## ▪। ઠરાવ નં.૧૫ની સમજ ।▪

લૌકિક સ્તરનાં સંગઠનો-સંસ્થાઓમાં પણ જો મર્યાદા-શિસ્તપાલન જરૂરી રહે છે, તો લોકોત્તર શ્રમણસંઘમાં મર્યાદા-શિસ્તપાલન અવશ્ય જરૂરી રહે જ. સાંપ્રત શ્રમણસંઘમાં પણ એ મર્યાદાપાલન ઉચ્ચત્તર છે. છતાં ક્યાંક ક્યાંક જોવા મળતી અશિસ્ત પણ અટકી જાય તે માટે આ ઠરાવ કરાયો છે.

## ▪। ઠરાવ નં.૧૬ની સમજ ।▪

પલટાતી જતી વ્યાપારવ્યવસ્થા-સમાજવ્યવસ્થાદિનાં કારણે ગામડાના જૈનો શહેરમાં સ્થાનાંતર કરે ત્યારે તે તે ગામડાનાં જિનાલયો-ધર્મસ્થાનોની સુરક્ષાના બહુ મોટા પ્રશ્નો સર્જાય છે. આવા જ પ્રશ્નો શહેરોમાં પણ જૂનો શહેરવિસ્તાર છોડીને ઉપનગરોમાં જૈન વસતિનું સ્થાનાંતર થાય ત્યારે સર્જાય છે. આ ઠરાવ દ્વારા, એ સમસ્યાનું મહદંશ નિવારણ થાય એવી સર્વાંગીણ વિવિધ વિચારણાઓ શ્રમણસંમેલને કરી છે. શ્રાવકસંઘ એનો યથાર્થ અમલ કરે તો આ સમસ્યાનું નિરાકરણ ચોક્કસ થઈ જાય.

## ▪। ઠરાવ નં.૧૭ની સમજ ।▪

આપણાં પાંચ સૌથી મહાન તીર્થોમાં એક સ્થાન આબૂ ગિરિરાજનું છે. પરન્તુ તો પણ શ્રી શત્રુંજયગિરિરાજ-ગિરનારગિરિ-સમેતશિખરગિરિની યાત્રાનો જે મહિમા છે તેવો મહિમા હજુ આબૂગિરિરાજનો નથી. તપાગચ્છીય પં. શ્રી જિનહર્ષગણિકૃત 'વસ્તુપાલચરિત્ર' ગ્રન્થના આઠમા પ્રસ્તાવમાં આ પંક્તિઓ છે કે :

"(१) अस्य शृङ्गे पुरा चक्रे, चक्रभृद्भरतेश्वरः । हैमचैत्यं चतुर्द्वारं, वचसा ऋषभप्रभोः ।। તથા (२) अधित्यकां गिरेरस्य, पुनीते स्म समन्ततः । प्रपन्नप्रतिम : श्रीमान्, वर्धमानो जगद्गुरुः ।।" આ પાઠ એ દર્શાવે છે કે ચક્રવર્તી ભરતમહારાજાએ આ તીર્થ પર ઋષભદેવ પ્રભુના ઉપદેશથી સુવર્ણચૈત્ય રચાવ્યું હતું અને ભગવાન મહાવીરદેવે છદ્મસ્થકાળમાં અહીં સાધના કરી હતી. આ તીર્થની યાત્રાનો મહિમા જૈન સંઘમાં વધે તે માટે આ ઠરાવ દ્વારા સંમેલને ઉચિત માર્ગદર્શન આપ્યું છે.

## ▪। ઠરાવ નં.૧૮ની સમજ ।▪

અન્ય પરંપરાના ધર્મસ્થાનો-મંદિરોમાં એવી વ્યવસ્થા જોવા મળે છે કે ઈષ્ટ દેવોનું પૂજાકાર્ય એમના ભક્ત અનુયાયીઓ જ સંભાળે, એમાં જે ભક્તિ-બહુમાન હોય

એ આપણે ત્યાંના અજૈન પૂજારીઓમાં લગભગ ન હોય એ સ્વાભાવિક છે. શ્રાવકો તો પૂજાદિ ભક્તિ કરે જ. ઉપરાંત પૂજારીની જવાબદારીઓ પણ જૈન વર્ગ સંભાળે તો દેરાસરોની ઘણી ઘણી આશાતનાઓ દૂર થાય, મોટાં તીર્થોને 'યુનિયન' ના પ્રશ્નો ન નડે અને તેવા પ્રકારના મધ્યવર્ગીય જૈનોને ટેકો પણ મળે. આ માટે આ ઠરાવ દ્વારા સંમેલને દિશાસૂચન કર્યું છે.

## ▪। ઠરાવ નં.૧૯ ની સમજ ।▪

જૈન શ્રમણજીવન આચારચુસ્ત હોવાથી શ્રમણો સામાન્યતઃ વાહનનો ઉપયોગ વર્જ્ય ગણે છે. તેઓનો સંયમપૂત દેહ કાલધર્મ બાદ વાહન દ્વારા અન્યત્ર લઈ જવાય તે એમના ત્યાગી-સંયમી જીવનને જરા ય અનુરૂપ નથી. કાલધર્મ બાદ એ દેહને વિશિષ્ટ વિધિ દ્વારા વોસિરાવી દઈ શ્રાવકોને સુપરત કરાય છે એ વાત જેટલી સત્ય છે એટલી જ સત્ય વાત એ પણ છે કે સમસ્ત સંઘ એ દેહને જે તે ગુરુભગવંતરૂપે જ નિહાળે છે. માટે જ એની ઉછામણી આદિ બોલે છે. સંસારત્યાગી ગુરુભગવંતોના પાર્થિવ દેહને ક્વચિત્ વાહન દ્વારા અન્યત્ર લઈ જવાની બનતી ઘટના પર સદંતર બંધી મૂકવા માટે શ્રમણસંમેલને આ શિક્ષાત્મક ઠરાવ દ્વારા સમુચિત કદમ ઉઠાવ્યું છે.

## ▪। ઠરાવ નં.૨૦ ની સમજ ।▪

શ્રમણજીવન ગુરુપારતન્ત્ર્યપ્રધાન છે. ગુરુભગવંતો દ્વારા હિતબુદ્ધિથી થતી સારણા-વારણાદિ પ્રવૃત્તિ સહર્ષ સ્વીકારીને શ્રમણ-શ્રમણીએ પ્રસન્નતાપૂર્વક ગુરુકુલવાસમાં રહેવું જોઈએ. આમ છતાં કાળબળ-અનાદિ અભ્યાસ વગેરે કારણે નાની-મોટી બાબત બને ત્યારે તરત સમુદાયપરિર્વતન જેવાં પગલાં ન લેવાઈ જાય અને ગુર્વાજ્ઞાપારતન્ત્ર્યનું-શિસ્તનું વાતાવરણ ટકી રહે તે માટે આ ઠરાવમાં ઊંડાણપૂર્વક મર્યાદાઓ દર્શાવાઈ છે. સાથે જ ખરેખર પ્રામાણિક સમસ્યા જણાય ત્યાં પ્રવરસમિતિ દ્વારા નિર્ણયનો વિકલ્પ રખાયો છે અને વિપરીત વર્તન થાય ત્યાં શિક્ષાત્મક મર્યાદા પણ રખાઈ છે.

## ▪। ઠરાવ નં.૨૧ ની સમજ ।▪

આપણા જૈન સંઘોમાં ઠેર ઠેર હજારો ભોજપત્રીય-તાડપત્રીય અને અન્ય હસ્તપ્રતો છે. ઉપરાંત વિપુલ મુદ્રિત પ્રતો છે. આધુનિક ટેક્નોલોજી દ્વારા એ સર્વનું પરસ્પર સંકલન થાય તો અનેકાનેક અલભ્ય પ્રતો-સાહિત્ય, સંશોધકોને-અભ્યાસીઓને ઉપલબ્ધ થાય. શ્રાવકયોગ્ય આ કાર્યનો નિર્દેશ આ ઠરાવ દ્વારા કરાયો છે.

## ▪। ઠરાવ નં.૨૨ ની સમજ ।▪

જે સમયે વિપુલ સંખ્યામાં અલગ અલગ ગ્રન્થો ઉપલબ્ધ ન હોવાથી શુદ્ધિ-અશુદ્ધિના નિર્ણયોમાં પારાવાર સમસ્યાઓ હતી, સંપાદનયોગ્ય ગ્રન્થની એકાદ પ્રત માંડ હોય અને તે ય ખંડિત હોય : આવી આવી સ્થિતિમાં જહેમત લઈને જેમણે તે તે ગ્રન્થનું પ્રથમ સંપાદન-સંશોધન-પ્રકાશન કર્યું હોય તેમની જહેમતને-પુરુષાર્થને ઉચિત ન્યાય-સન્માન મળે તે આ ઠરાવનું હાર્દ છે.

## ▪। ઠરાવ નં.૨૩ ની સમજ ।▪

દેવદ્રવ્ય એક એવો વિભાગ છે કે જેનો આવકસ્રોત દરેક જૈન સંઘમાં પ્રતિવર્ષ ચાલુ જ હોય છે. ઘણા વિવેકી સંઘો પોતાની વાર્ષિક જરૂરિયાત સિવાયની તમામ રકમ અલગ અલગ યોગ્ય સ્થાનોમાં જીર્ણોદ્ધારાદિમાં તરત આપી દે છે. દરેક વહીવટદારો આ જ માર્ગ અપનાવે તે માટે આ ઠરાવના પૂર્વાર્ધમાં ભારપૂર્વક પ્રેરણા કરાઈ છે. આ ઉપરાંત લાંબા કાળના હપ્તા સાથેની ઉછામણી-દેવદ્રવ્યાદિની રકમ જે બેન્કમાં હોય તેમાં ટ્રસ્ટીઓના ખાતા જેવી બાબતોનો નિષેધ કરાયો છે. આ ત્રણે ય બાબતો અનેક અપાયોથી મુક્તિ અપાવતી હોવાથી આ ઠરાવનો અમલ દરેક વહીવટકર્તાએ અવશ્ય કરવા જેવો છે.

## ▪। ઠરાવ નં.૨૪ ની સમજ ।▪

પૂર્વના રાજાશાહી યુગમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય-જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજી મ. વગેરે મહાપુરુષોએ રાજવીઓને પ્રભાવિત કરીને રાજસત્તા દ્વારા અહિંસા પ્રવર્તન-ધર્મરક્ષાદિ કાર્યો સુપેરે કરાવ્યા હતા. હાલની લોકશાહી શાસનવ્યવસ્થામાં એ હદે ધર્મકાર્યો ભલે શક્ય ન હોય, પરંતુ રાજકીય વર્ચસ્વવાળી વ્યક્તિઓ દ્વારા ધર્મસ્થાનોને નડતી ઘણી સમસ્યાઓ હલ થઈ શકે છે અને અમૂક અંશે ધર્મ-સંસ્કૃતિની રક્ષા પણ થઈ શકે છે. આ હેતુ માટે જ જરૂરી રાજકીય વગ કેળવવાનો નિર્દેશ આ ઠરાવમાં છે. સાથે જ શ્રમણમર્યાદાનો પણ નિર્દેશ છે. એક વાત એ પણ ધ્યાનમાં લેવી કે કોઈ પણ ધર્મસ્થાનમાં સક્રિય રાજકીય પ્રવૃત્તિ કરવી તે કાનૂની અપરાધ છે.

## ▪। ઠરાવ નં.૨૫ ની સમજ ।▪

જ્યાં જૈન વસતિ નહિવત્ હોય કે જરા ય ન હોય એવાં આપણાં તીર્થોની સલામતીનો એક મુખ્ય આધાર આસપાસની વસતિ છે. એ વસતિને કઈ રીતે આપણી સહયોગી કરી શકાય તેના અસરકારક ઉપાયો આ ઠરાવમાં દર્શાવ્યા છે.

## ▪। ઠરાવ નં.૨૬ની સમજ ।▪

જૈનોની સંખ્યાવૃદ્ધિનો મુદ્દો જેટલો વિચારણીય છે, એથી પણ વધુ વિચારણીય મુદ્દો એ છે કે જૈનો જૈનધર્મની અભિમુખ રહે-આકર્ષિત રહે. અતિ શ્રીમંત વર્ગ-આર્થિક રીતે નિમ્ન વર્ગ અને મધ્યમ વર્ગ : આ ત્રણે ય વર્ગના જૈન બંધુઓમાંથી કેટલોક વર્ગ શા માટે અન્ય ધર્મ તરફ ખેંચાય છે ? તેનું પૃથક્કરણ આ ઠરાવમાં કરીને તેના ત્રણ ઉપાયો પણ શ્રમણસંમેલને દર્શાવ્યા છે. આ ઉપાયોનો અમલ જેટલી સંગીનતાથી શ્રાવકવર્ગ કરશે એટલું ઉપરોક્ત ત્રણે ય વર્ગના જૈનોનું જૈનત્વ સાથે જોડાણ અકબંધ-મજબૂત રહેશે. ગંભીરતાથી અમલમાં લેવા જેવો આ ઠરાવ છે. આ ઉપરાંત શ્રમણવર્ગ દ્વારા જૈનદર્શનની સૂક્ષ્મતા-જૈનતત્ત્વજ્ઞાનની શ્રેષ્ઠતા વગેરે સમજાવવારૂપે પણ તેવા પ્રકારની યોગ્યતાવાળા જૈન બંધુઓને જૈનધર્માભિમુખ કરી શકાય.

## ▪। ઠરાવ નં.૨૭ની સમજ ।▪

વરસાદી શુદ્ધ જલ પ્રતિમાજીની સ્વચ્છતા-મજબૂતી વગેરેમાં જેટલું ઉપકારક બને છે, તેટલું ઉપકારક અન્ય જલ બની શકતું નથી. એમાં ય વર્તમાન મ્યુનિસીપલ નળના પ્રદૂષિત જલથી કેટલેક અંશે પ્રભુપ્રતિમાને હાનિની પણ સંભાવના છે. આથી જ આ ઠરાવમાં પૂર્વે ઠેર ઠેર જૈન સંઘોમાં જે ટાંકાની વ્યવસ્થા પ્રચલિત હતી તેને હવે પુનઃ અમલી બનાવવાનો નિર્દેશ કરાયો છે.

## ▪। ઠરાવ નં.૨૮ની સમજ ।▪

મુમુક્ષુ પુણ્યાત્માઓની હાલની વર્ષીદાન પદ્ધતિ લગભગ વરઘોડામાં વસ્તુઓ ઉછાળવારૂપે છે. આ પદ્ધતિ અગંભીરપણે લોકસમક્ષ પ્રગટતા દાનની દ્યોતક છે. જો કે, ચરિત્રગ્રન્થોમાં આ પદ્ધતિનાં દાનનો ઉલ્લેખ મળે છે. તો જિનદીક્ષાવિધિ પંચાશકની એક ગાથામાં "दाणाइवि पगडमण्णे तु" પંક્તિ દ્વારા અગંભીરપણે લોકસમક્ષ પ્રગટતા દાનને લોકવિરુદ્ધ પણ કહેવાયું છે. પણ એ ગાથાની ટીકામાં આ પંક્તિ છે કે "तथाविधदानविधायकस्य हि लोक उपहासकारी स्यादिति लोकविरुद्धतेति" સંમેલને આ અંગેના સર્વ પાસા વિચારીને સંતુલિત અભિગમ દ્વારા આ ઠરાવ કર્યો છે કે જેમાં વરઘોડામાં ઉછાળીને થતાં દાનના બદલે એક સ્થળે બેસીને હાથોહાથ અપાતા વર્ષીદાનને મહત્ત્વ અપાયું છે. ઉપરાંત વરઘોડામાં પણ પ્રારંભાદિ ત્રણ સ્થાને હાથોહાથ (ઉછાળ્યા વિના) વર્ષીદાન આપી શકાય તેમ જણાવાયું છે.

## ▪। ઠરાવ નં.૨૯ ની સમજ ।▪

જૈન સંઘોમાં નાના-મોટા પ્રસંગોમાં પ્રકાશિત થતી આમન્ત્રણપત્રિકાઓ લગભગ બહુરંગી-અતિ આકર્ષક-ભપકાદાર થતી હોય છે. એનાથી પ્રસંગની ભવ્યતા ભલે દેખાય, પણ જરૂરથી વધુ પડતા ખર્ચના અને આશાતનાના પ્રશ્નો બહુ મોટા સર્જાય છે. વર્ષે ક્રોડો રૂપિયાના ખર્ચ માત્ર પત્રિકાઓ અંગે થતા હોય છે. આમાં દેવ-ગુરુના ફોટા હોય તો એની આશાતના થવાની પૂરી સંભાવના રહે છે. આથી શ્રમણસંમેલને આ ઠરાવ દ્વારા પત્રિકામાં અને પ્રચારફલેક્સમાં દેવ-ગુરુના ફોટા મુદ્રિત કરવાનો નિષેધ કર્યો છે. ઉપરાંત પત્રિકાઓ સાદી-અલ્પ મૂલ્યની કરવાનો નિર્દેશ કરીને ગૃહસ્થવર્ગના ફોટા મૂકવા જ પડે તો મર્યાદામય-મર્યાદિત રાખવાનો અનુરોધ કર્યો છે. બિનજરૂરી ખર્ચા અને આશાતનાથી બચવા માટે આ ઠરાવનો અમલ ખૂબ જરૂરી છે.

## ▪। ઠરાવ નં.30 ની સમજ ।▪

પ્રભુશાસનને અખંડ-અવિચ્છિન્ન ટકાવવામાં પૂજનીય શ્રમણ-શ્રમણીભગવંતોનો સિંહફાળો છે. એ શ્રમણપરંપરાના કેટલાક વર્ગમાં કાળબળ વગેરે કારણે ખામી-શિથિલતા પ્રવેશે ત્યારે યતિપરંપરા જેવી ઘટના સર્જાતી હોય છે અને સમયાંતરે તે પરંપરાઓ લુપ્ત પણ થતી હોય છે. લુપ્ત થવા આવેલ એ પરંપરા પુનર્જીવિત ન થાય એ કાળજી રાખવા માટે આ ઠરાવ કરાયો છે.

## ▪। ઠરાવ નં.31 ની સમજ ।▪

જૈન વર્ગને આકર્ષવા માટે બજારુ વાનગીઓ સાથે છૂટથી જૈન શબ્દ જોડાય છે. વસ્તુતઃ આનાથી બેવડા નુકસાન થાય છે. જયણાદિના અભાવે લગભગ એ વાનગી અભક્ષ્ય હોવાથી ભક્ષ્યબુદ્ધિથી એ વાપરનાર દોષના ભાગી બને અને 'જૈન' શબ્દનું ગૌરવ હણાય. આવું જ જૈન સિદ્ધાંતોથી નિરપેક્ષ સંસ્થા અંગે પણ છે. જેમ કે સેન્ટર ક્લબ જેવી કોઈક સંસ્થાઓ-સંગઠનો સાથે 'જૈન' શબ્દ જોડાય છે. પણ તેમાં ઘણી વાર જૈન સિદ્ધાંતોથી પ્રતિકૂળ પ્રવૃત્તિઓ થાય છે. તેવી સંસ્થાઓ 'જૈન' શબ્દનો ઉપયોગ ન કરે તે માટે આ ઠરાવ દ્વારા ઉચિત પ્રયત્નનો નિર્દેશ કરાયો છે.

## ▪। ઠરાવ નં.૩૨ ની સમજ ।▪

તે તે જીર્ણ-વપરાશમાં ન હોય તેવા જિનાલયાદિ સ્થાનો પણ એક સમયે તો જૈન સંઘ દ્વારા જ સર્જાયા હોવાથી હકીકતમાં તો જૈન સંઘની જ વિરાસત ગણાય. આથી

સરકારી તાબામાં હોય તો પણ આખરે તે જૈન સંઘની સંપત્તિ હોવાની રૂએ એ પરત મેળવવાનો પુરુષાર્થ કરવો જ જોઈએ. આ ઠરાવ દ્વારા એ અંગે થયેલી વિચારણાને સાર્થક કરવા શ્રાવકસમિતિ 'લીગલ સેલ' રચે અને એના સહારે આગળ વધે તે શ્રેષ્ઠ ઉપાય છે.

## ▪। ઠરાવ નં.૩૩ ની સમજ

પાઠશાળા સમસ્ત જૈન સંઘ માટે કલ્પવેલડી સમાન છે. એ જો સુવ્યવસ્થિત અને વિદ્યાર્થીઓથી ધમધમતી હોય તો એના દ્વારા જૈન સંઘની ભાવી પેઢી જ્ઞાનસંપન્ન-આચારસંપન્ન તૈયાર થઈ શકે. આજના શહેરી વર્ગમાં ઈંગ્લીશ મીડિયમનો પ્રભાવ-સ્કૂલના અભ્યાસનો વધુ પડતો બોજ વગેરે કારણે માતા-પિતાને અને બાળકોને પાઠશાળા પ્રત્યે જે ઉપેક્ષાભાવ રહેલો છે એનાં વાસ્તવિક નિરાકરણરૂપે આ ઠરાવ દ્વારા ત્રણ સરસ ઉપાયો દર્શાવાયા છે. આની સાથે સાથે પ્રત્યેક જૈન પરિવાર પોતાના સંતાનોને ઓછામાં ઓછું પંચપ્રતિક્રમણ યા બે પ્રતિક્રમણ સુધીનો અભ્યાસ કરાવવાનો સંકલ્પ કરે તો પાઠશાળા ચોક્કસ વેગવંતી બનશે.

## ▪। ઠરાવ નં.૩૪ ની સમજ ।▪

છેલ્લા અનેક દાયકાઓનો ઈતિહાસ તપાસીએ તો એક વાત સ્પષ્ટ તરી આવશે કે મહેસાણાની શ્રીમદ્ યશોવિજયજી સંસ્કૃત-પ્રાકૃત પાઠશાળામાંથી તૈયાર થયેલ અનેક પંડિતોએ ભારતભરની અનેક પાઠશાળાઓમાં પ્રાધ્યાપકરૂપે રહીને તે પાઠશાળાઓને પ્રાણવાન બનાવી છે. બદલાતા યુગમાં જંગી આવકનો સ્રોત મળતાં પંડિતો તરીકેની કારકીર્દિ સ્વીકારનાર ભાગ્યવાનો અલ્પ થતા જાય છે ત્યારે, તેમની આજીવિકામાં નિશ્ચિંતતા આવે તે રીતે ઉચ્ચતર અભ્યાસી પંડિતો તૈયાર કરવાનો નિર્દેશ આ ઠરાવમાં કરાયો છે. પાઠશાળાઓ ચેતનવંતી રાખવામાં અને જિજ્ઞાસુઓની જિજ્ઞાસાતૃપ્તિમાં આ ઠરાવનો અમલ મોટું યોગદાન આપશે.

## ▪। ઠરાવ નં.૩૫ ની સમજ ।▪

પૂર્વકાલીન વિહારપદ્ધતિઓ કરતાં વર્તમાનની વિહારપદ્ધતિઓમાં કેટલોક બદલાવ આવ્યો છે. વિહારો ઘણા દીર્ઘ અને તેમાં સેવકો-ડોળીવાળા-વ્હીલચેરવાળા આદિની જરૂરિયાત પણ લગભગ રહેતી હોય છે. સામાન્યતઃ આ સુવિધા માટે તે તે સમુદાયના પૂ. ગચ્છાધિપતિએ તે જવાબદારી સ્વીકારવાનું આ ઠરાવે જણાવ્યું છે. આ ઉપરાંત એક

કોમન-સહુના માટે ઉપયોગી કેન્દ્રીય વ્યવસ્થા સૂચવાઈ છે. જેમાં આર્થિક દાન, ઠરાવમાં નિર્દિષ્ટ પાંચ પૂ. ગુરુભગવંતોની પ્રેરણાથી મળશે. વિ.સં.૨૦૭૩ ની કાર્તિકી પૂર્ણિમા બાદ, વિહાર પૂર્વે પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોએ નીચેના સરનામે સંપર્ક કરવો :

**પંડિત શ્રી વસંતલાલ મફતલાલ દોશી**
B-004, પુષ્કર એપાર્ટમેન્ટ નં.4, વીતરાગ સોસાયટીના દેરાસર સામે,
પી.ટી. કોલેજ રોડ, પાલડી, અમદાવાદ-380007. • મો. 9925138049

## ▪। ઠરાવ નં.૩૬ની સમજ ।▪

વિહારમાં પૂ. સાધુ-સાધ્વીજીભગવંતોની સેવામાં આવતી વ્યક્તિઓ ક્યારેક વ્યસની હોય તો સમસ્યાઓ ઉભી કરે, તો ક્યારેક બેજવાબદારપણે અધવચ્ચે મૂકીને જતા રહે તો પણ સમસ્યાઓ ઉભી કરે. કેટલાય ગુરુભગવંતોને આવો અનુભવ હોવાથી, એક સેન્ટ્રલ જવાબદાર એજન્સીનો નિર્દેશ આ ઠરાવમાં કરાયો છે. તે માટે પણ વિ.સં.૨૦૭૩ થી પંડિત શ્રી વસંતલાલ દોશીના પૂર્વોક્ત સરનામે સંપર્ક કરવો.

## ▪। ઠરાવ નં.૩૭ની સમજ ।▪

વિહારની અસમર્થતા આવે અને સ્થિરવાસ ફરજિયાત બને તેવા સમયે સાધુ-સાધ્વીજીનાં જીવનમાં પ્રશ્નો સર્જાતા હોય છે. આ જ રીતે એકાકી-વૃદ્ધ-ગ્લાન સાધુ-સાધ્વીજીના પણ મોટા પ્રશ્ન હોય છે. આમાંથી જ વ્યક્તિગત સ્તરના ઉપાશ્રયોની પ્રવૃત્તિ વધી રહી છે. જે ભવિષ્યમાં મોટા દૂષણરૂપ બને તેમ છે. એથી આ સમસ્યાના સાર્વત્રિક સુઝાવરૂપે સંમેલને આ ઠરાવ દ્વારા અલગ અલગ છ સ્થળે વિશ્રામણાવ્યવસ્થા અને તેની સાથે જ શ્રુતાભ્યાસની વ્યવસ્થા કરવાનો નિર્ણય કર્યો છે. હવેથી દરેક પૂ. ગચ્છાધિપતિઓ પોતાના સમુદાયમાં વ્યક્તિગત ઉપાશ્રયોની પ્રવૃત્તિ ચોકસાઈથી બંધ કરાવે તો આ ઠરાવ વધુ સાર્થક નીવડશે.

## ▪। ઠરાવ નં.૩૮ની સમજ ।▪

પૂજનીય સાધુ-સાધ્વીજીભગવંતો જૈન સંઘની સૌથી મોટી સંપત્તિ છે. છેલ્લા વર્ષોમાં એ સંપત્તિ અકાળે વિનષ્ટ થવાની અનેક દુર્ઘટનાઓ અકસ્માતોનાં માધ્યમે બની છે. ખાસ તો જીવનભર સંયમની યથાશક્ય શ્રેષ્ઠ સાધના કરનાર ગુરુભગવંતો અકસ્માત્ સમયે જે કરુણ પરિસ્થિતિનો ભોગ બને છે એ હૃદયદ્રાવક હોય છે. એનાં શક્ય નિવારણ માટે આ ઠરાવમાં સૂચવાયેલ નિયમોનો અમલ મુખ્યત્વે શ્રમણ-શ્રમણીઓએ સ્વયં કરવાનો છે અને ગૃહસ્થવર્ગે તેમાં યથાશક્ય સહાયક બનવાનું છે.

## ▪। ઠરાવ નં.૩૯ ની સમજ ।▪

જૈનોએ લઘુમતિસ્ટેટસ સ્વીકારવું જોઈએ કે નહિ તે માટે વિચારક જૈનોમાં બે મત ચાલ્યા આવે છે. કેટલોક વર્ગ સ્વીકારની તરફેણમાં છે અને કેટલોક વર્ગ વિરોધમાં છે. આ ઠરાવ લઘુમતિસ્ટેટસથી જૈનોને ધાર્મિક-શૈક્ષણિક શું લાભ થાય તેનું અન્વેષણ સૂચવે છે. આ અન્વેષણથી એ પણ સમજાઈ જશે કે તે સમાવેશ લાભદાયી છે યા નહિ.

## ▪। ઠરાવ નં.૪૦ ની સમજ ।▪

દરેક ધર્મપરંપરામાં યુવાપેઢીનું એક આગવું મહત્ત્વ છે. કારણ કે ઘણી બધી પ્રવૃત્તિઓ યુવાશક્તિને આભારી છે અને ભાવિ સૂકાન પણ એમના હાથમાં આવવાનું હોય છે. આ દૃષ્ટિબિંદુ નજરમાં રાખીને જૈનોની યુવાપેઢીને ધર્મ તરફ અભિમુખ રાખવા માટે આ ઠરાવમાં સરસ નિર્દેશ છે. છેલ્લા નિર્દેશના અનુસંધાનમાં એમ કહી શકાય કે 'ધર્મક્ષેત્રીય વિવાદોનો અંત લાવવો સૌથી શ્રેષ્ઠ વિકલ્પ છે.' એ શક્ય ન બને ત્યારે ઠરાવનો છેલ્લો નિર્દેશ યોગ્ય વિકલ્પ છે.

## ▪। ઠરાવ નં.૪૧ ની સમજ ।▪

સંઘોના અને ધર્મસ્થાનોના વહીવટદાર ટ્રસ્ટીઓનું સ્થાન તે તે સંઘો આદિમાં શ્રાવકોનાં સ્તરે અગ્રિમ કક્ષાનું હોય છે. માત્ર સંપત્તિના જોરે વ્યક્તિ ટ્રસ્ટી બને એવું ન થવું જોઈએ, બલ્કે ટ્રસ્ટી થનાર મહાનુભાવમાં દેવ-ગુરુ પ્રત્યે શ્રદ્ધા-સમર્પણભાવનું પ્રાધાન્ય હોવું આવશ્યક છે. આ ઠરાવ દ્વારા ટ્રસ્ટીઓમાં જરૂરી યોગ્યતાનો પદ્ધતિસર નિર્દેશ કરાયો છે. ઉપરાંત શક્ય હદે 'ઈલેક્શન'ના બદલે 'સીલેક્શન' તથા કાયમી ટ્રસ્ટીપદ ન હોય એને ઈચ્છનીય ગણાયું છે. જેથી સંઘમાં જૂથવાદ-હુકમશાહી વગેરે અનિષ્ટો ટળી શકે.

## ▪। ઠરાવ નં.૪૨ ની સમજ ।▪

જૈનોનો કેટલોક પ્રબુદ્ધ-શિક્ષિત વર્ગ એવો છે કે જેને ક્રિયાપ્રધાન અનુષ્ઠાનોમાં રુચિ નથી, પરંતુ ધ્યાન-સાધનામાં અભિરુચિ છે. જૈન સાહિત્યનો જ આધાર લઈને શરૂ થયેલ કેટલાક નવા પંથોમાં આકર્ષાતો વર્ગ આનો પુરાવો છે. આપણે આપણા જ્ઞાન-ક્રિયાનો સમન્વય ધરાવતા અનુષ્ઠાનોને સુયોગ્ય અગ્રતા આપીએ જ. તેની સાથોસાથ પૂર્વોક્ત વર્ગને મૂળ ધારા સાથે જોડી રાખવાને પણ અગ્રતા આપવી જોઈએ. આ ઠરાવ દ્વારા સંમેલને આ દિશામાં જરૂરી કદમ ઉઠાવ્યા છે.

## ▪। ઠરાવ નં.૪૩ની સમજ ।▪

ધર્મ વિવેકપ્રધાન હોવો જોઈએ. આસપાસની પ્રજા પરેશાન થાય અને અપ્રીતિ અનુભવે એવી અવિવેકી ધર્મપ્રવૃત્તિ ન થવી જોઈએ, તો વધુ પડતો બગાડ-અન્યોની નજરે ટીકાપાત્રતા વગેરે જેમાં હોય તેવી અવિવેકી ધર્મપ્રવૃત્તિ ય ન હોવી જોઈએ. આ બન્ને બાબતો લક્ષ્યમાં રાખીને ધ્વનિપ્રદૂષણ-અન્નપ્રદૂષણ અટકાવવાનો નિર્દેશ આ ઠરાવમાં કરાયો છે.

## ▪। ઠરાવ નં.૪૪ની સમજ ।▪

શ્રાવકજીવન માટે જેમ ઉપધાનતપ આવશ્યક આરાધના છે, તેમ શ્રમણજીવનમાં તે તે આગમસૂત્રોના યોગોદ્વહન આવશ્યક આરાધના છે. યોગોદ્વહન પછી જ તે આગમસૂત્રો ભણવા-ભણાવવાનો અધિકાર પ્રાપ્ત થાય છે અને ગણિ આદિ ચારે ય પદવીનો અધિકાર પણ શ્રી ભગવતીસૂત્ર સુધીના યોગોદ્વહન પછી પ્રાપ્ત થાય છે. આ શાસ્ત્રીય પ્રણાલિકાને ખ્યાલમાં રાખીને આ ઠરાવમાં જોગ વિના પદવી ગ્રહણ કરનારની પદવી અમાન્ય કરવાનું જણાવાયું છે. આ ઠરાવથી યોગોદ્વહનની શાસ્ત્રીય પ્રણાલિકાને વધુ મજબુતાઈ મળશે.

## ▪। ઠરાવ નં.૪૫-૪૬-૪૭ની સમજ ।▪

'न धर्मो धार्मिकैर्विना' આ પંક્તિ એમ જણાવે છે કે ધર્મનો આધાર ધર્મીજનો છે. જો ધર્મને અનુસરનાર વર્ગ-ધર્મી જનો જ ન હોય તો મહાન ધર્મની પરંપરા પણ આગળ વધી શકતી નથી. એથી ધર્મના સંવાહકોએ અનુયાયીવર્ગની આંતરિક સાર-સંભાળની સાથે ઉચિત બાહ્ય કાળજી પણ લેવી જોઈએ. આ દૃષ્ટિબિંદુ લક્ષ્યમાં રાખીને શ્રમણસંમેલને આ ત્રણ ઠરાવો દ્વારા મધ્યમવર્ગીય સાધર્મિક બંધુઓ માટે ખાસ ખેવના રાખી છે. શ્રાવકોચિત કર્તવ્યની પ્રેરણા આપતા આ ત્રણ ઠરાવોમાં ગામડામાં વસતા સાધર્મિકોથી લઈને શહેરમાં વસતા સાધર્મિકોની જરૂરિયાતોની વાતો લેવાઈ છે, તો એ આત્મનિર્ભર બને-એના નિવાસની વ્યવસ્થાના પ્રશ્નો હલ થાય તેવા નિર્દેશ કરાયા છે. શ્રાવક સંઘ આ માટે સઘન પ્રયાસ કરે તો ઉત્કૃષ્ટ સાધર્મિકસેવા થવા સાથે તે તે જરૂરિયાતમંદ સાધર્મિકોનું જોડાણ પ્રભુશાસન સાથે સુદૃઢ બને એ નિશ્ચિત છે.

## ▪। ઠરાવ નં.૪૮ની સમજ ।▪

સંઘ શહેરોના હોય કે નાના ગામડાઓના : લગભગ દરેક સંઘના વહીવટદારોને સાધારણખાતાની સમસ્યા નડતી હોય છે. કારણ કે સાધારણના ખર્ચ અતિ વિશાલ હોય છે અને આવકના સ્રોત મર્યાદિત હોય છે. આનું એક દુષ્પરિણામ ઘણી વાર એવું આવે

છે કે અન્ય ખાતામાંથી વ્યાજે રકમ લઈને ખર્ચ થતા જાય અને વ્યાજ સહિતની રકમ ભરવી શક્ય ન બને. તેથી તે તે દ્રવ્યોનાં ભક્ષણનો દોષ લાગે. શ્રમણસંમલેને આ પ્રશ્નને ગંભીરતાથી વિચારીને સાધારણખાતાની આવકના સ્રોત વધે તેવો ઉચિત નિર્ણય કરીને પ્રતિપર્યુષણાપર્વમાં નિયમિત ૧૧ ઉછામણી સાધારણદ્રવ્યવૃદ્ધિ અંગે નિયત કરી આપી છે. ઉપરાંત માસિક સાધારણ ચડાવા આદિ અલગ. ખાસ વિ.સં.૨૦૭૨ ના આ વર્ષથી જ તેનો અમલ દરેક સંઘમાં શરૂ થાય એ માટે દરેક સંઘમાં આઠ પૈકીના દરેક મંગલ જર્મનસિલ્વર કે ચાંદીના તૈયાર થાય અને આ ૧૧ ઉછામણી માટે પ્રથમ વર્ષે પર્યુષણાના પ્રારંભિક પ્રવચનો દરમ્યાન પૂરતો ભાર અપાય એ ખૂબ જરૂરી છે. આ ઠરાવનો મજબૂત અમલ દરેક જૈન સંઘની સાધારણસમસ્યા નિવારવામાં સક્ષમ બનશે એ ચોક્કસ છે.

## ▪। ઠરાવ નં.૪૯ ની સમજ ।▪

પ્રકાંડ વિદ્વાન પૂ. મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવર અને સમર્થ શાસ્ત્રકાર ન્યા.ન્યા.પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર જેવા મહાન વિદ્વાન મહર્ષિઓએ સૈકાઓ પૂર્વેના એમના ગ્રન્થોમાં સ્પષ્ટ લખ્યું છે કે ભગવાન મહાવીરપ્રભુની મૂળ પરંપરાનો અવિચ્છિન્ન સંવાહક સ્રોત તપાગચ્છ છે જે પ્રસંગોપાત્ત માત્ર નામાંતર પામેલ ગચ્છ છે. સૌથી વધુ સાધુ-સાધ્વીજી આ ગચ્છમાં આજે વિદ્યમાન છે. એ તપાગચ્છીય ધર્મસ્થાનો અંગે જે નિર્દેશ આ ઠરાવમાં સૂચિત કરાયો છે તે ભાવિ ઈતિહાસ સ્પષ્ટ રહે તે માટે ખૂબ અગત્યનો છે. સાથે જ અન્ય ગચ્છો સાથે સૌહાર્દભાવનો અભિગમ પણ સૂચિત કરાયો છે.

## ▪। ઠરાવ નં.૫૦ ની સમજ ।▪

જ્યાં સાધુ-સાધ્વીજીનું વિચરણ નહિવત્ છે એવા દૂર-સુદૂરના ભારતવર્ષીય ક્ષેત્રોમાં અને જ્યાં સાધુ-સાધ્વીજી એમની આચારમર્યાદાનુસાર જઈ શકતા નથી એવા પરદેશનાં ક્ષેત્રોમાં પણ બહુ વિશાલ સંખ્યામાં જૈનો વસે છે. તેમના સંસ્કારો ટકે-વૃદ્ધિ પામે તેવાં ચિંતનમાંથી આ ઠરાવ પ્રગટ્યો છે કે તેઓ માટે શ્રદ્ધા-જ્ઞાન-આચારસંપન્ન શ્રમણપ્રધાન વિચારધારાનો ધર્મપ્રચારક વર્ગ તૈયાર કરવો.

આટલો સરલ-સ્પષ્ટ અને જવાબદારીભર્યો ઠરાવ શ્રમણસંમેલનનો હોવા છતાં જે મૂઠીભર વર્ગ ભદ્રિક જીવોને ઉશ્કેરવા યદ્વા તદ્વા વાતો લખે છે તેઓએ કલ્પસૂત્ર-સુબોધિકાટીકાના આઠમા પ્રવચનનો સમ્રાટ્સંપ્રતિનો અધિકાર વાંચવાની જરૂર છે. ત્યાં સ્પષ્ટ પાઠ છે કે સમ્રાટ્સંપ્રતિએ અનાર્યદેશોમાં જૈન ધર્મના પ્રચાર માટે શ્રમણવેષધારી

માણસો પાઠવ્યા હતા : साधुवेषभृद्वण्ठप्रेषणादिना साधुविहारयोग्यान् स्वसेवकनृपान् धर्मरतांश्च चकार. આની તુલનાએ શ્રમણસંમેલને તો અત્યંત હળવો ઠરાવ કર્યો છે. છતાં જેઓની વૃત્તિ જ વિરોધભાવથી રચાયેલી છે તેઓ અપપ્રચાર કરે તેની ઉપેક્ષા કરવી રહી.

## ▪। ઠરાવ નં.૫૧ ની સમજ ।▪

'सङ्घे शक्तिः कलौ युगे' આ પંક્તિ એમ કહે છે કે આ કલિયુગમાં સંઘમાં-સમૂહમાં શક્તિ-સામર્થ્ય છે. જૈન સંઘ પણ પોતાનું સમૂહબળ વિસ્તારી શકે તે માટે વ્યવસ્થિત પદ્ધતિની વસતિગણતરીનાં આંકડા હોવા જરૂરી છે. તેથી ૫૧મા ઠરાવમાં જૈનો દ્વારા પ્રામાણિક જૈનવસતિ ગણતરીનો નિર્દેશ છે.

## ▪। ઠરાવ નં.૫૨ ની સમજ ।▪

પ્રાયઃ દરેક સમાજ પાસે જુદા જુદા ક્ષેત્રોમાં અગ્રિમ હરોળે પહોંચેલ 'ટેલેન્ટેડ' વર્ગ છે. જૈન સંઘમાં પણ આ રીતે વકીલો-સી.એ.-રાજકીય વ્યક્તિઓ-ઉદ્યોગપતિઓ આદિ છે. પોતપોતાનાં ક્ષેત્રમાં ઉચ્ચસ્થાને રહેલ તે તે ભાગ્યવાનો જૈનશાસનને પ્રસંગે-પ્રસંગે ત્વરિત ઉપયોગી થઈ શકે તે માટે તેઓના અલગ અલગ સંસ્થાકીય સંગઠનો રચવાનો આ ઠરાવમાં ઉલ્લેખ છે. આનાથી કાયદાકીય-રાજકીય આદિ સમસ્યાઓમાં જૈન સંઘને સહાય થશે.

## ▪। ઠરાવ નં.૫૩ ની સમજ ।▪

સંપત્તિની વહેંચણી જેવા મુદ્દે પણ આજનો સમજુ વર્ગ કોર્ટે ચડીને સમય-શક્તિ-સંપત્તિ બરબાદ કરવાનાં સ્થાને પરસ્પરને સંમત વ્યક્તિ દ્વારા એનું સમાધાન મેળવે છે; તો પ્રભુશાસનનાં જ અંગ સમા સંઘો પરસ્પર ક્લેશ-ઘર્ષણ સમયે કોર્ટનો આશ્રય કેમ લઈ શકે ? સંઘોની શક્તિ વેડફાય નહિ તે માટે આ ઠરાવમાં શ્રાવકસમિતિ ઉભયપક્ષમાન્ય ગુરુ ભગવંત કે તેથી પણ ઉપરની સર્વોચ્ચ સત્તારૂપ આચાર્યભગવંતોની પ્રવરસમિતિ દ્વારા પારસ્પરિક પ્રશ્નો ઊકેલવાનો માર્ગ શ્રમણસંમેલને દર્શાવ્યો છે.

## ▪। ઠરાવ નં.૫૪ ની સમજ ।▪

૧૪૪૪ ગ્રન્થોના સર્જક સૂરિપુરંદર પૂજ્યપ્રવર આ.ભ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે સંબોધપ્રકરણ ગ્રન્થમાં 'चेइयदव्वं तिविहं' વગેરે ચાર ગાથાઓ (ગા. ૧૬૩ થી ૧૬૬) દ્વારા દેવદ્રવ્યના જે ત્રણ પ્રકારો દર્શાવ્યા છે તેનો મૂલ પાઠ તથા જરૂરી વિશ્લેષણ

વિ.સં.૨૦૪૪ ના શ્રમણસંમેલનની ઠરાવપુસ્તિકામાં છે. તેના આધારે શ્રીસંઘોને સ્પષ્ટ વહીવટ માર્ગદર્શિકા આપતી અલગ નાની પુસ્તિકાનાં પ્રકાશનનો નિર્ણય આ ઠરાવ દ્વારા શ્રમણસંમેલને કર્યો છે. આના અમલસ્વરૂપે અઢારે ય તપાગચ્છીય સમુદાયો દ્વારા એકમતપૂર્વક તેવી પુસ્તિકા હવે પછીના સમયખંડમાં પ્રકાશિત થશે. જેનાથી સમસ્ત શ્રીસંઘને એકસરખું વહીવટી માર્ગદર્શન મળશે.

## ▪। ઠરાવ નં.૫૫ ની સમજ ।▪

પૂજ્યપ્રવર આચાર્યભગવંતોની પ્રવરસમિતિ, એ છેલ્લા દાયકાઓમાં તપાગચ્છીય શ્રીસંઘને મળેલ સામૂહિક નેતૃત્વરૂપ અણમોલ ભેટ છે. પ્રવરસમિતિનાં કારણે જ અઢાર અઢાર સમુદાયોનું એકસંપિતાભર્યું શ્રમણસંમેલન શક્ય બન્યું, તો પ્રવરસમિતિનાં કારણે જ શાસનના પ્રશ્નોમાં સંઘોને શાસ્ત્રોચિત-સમયોચિત માર્ગદર્શન મળ્યું છે. ચોક્કસ માપદંડના આધારે આ પ્રવરસમિતિના આચાર્યભગવંતોની નિયુક્તિ થતી રહે છે. વિ.સં.૨૦૭૨ ના શ્રમણસંમેલને સર્વાનુમતે, સંમેલન પૂર્વેની પ્રવરસમિતિને યથાવત્ રાખવાનો નિર્ણય આ ઠરાવ દ્વારા કર્યો છે. ઉપરાંત અઢારે ય સમુદાયના એકેક પ્રતિનિધિ ધરાવતી સ્થવિરસમિતિનું પણ સરસ સંકલન કર્યું છે. આ બન્ને સમિતિઓ આ સંમેલનના અને શાસનના ભાવિકાર્યોમાં ચાવીરૂપ યોગદાન આપે છે અને આપશે એ નિશ્ચિત હકીકત છે.

## ▪। ઠરાવ નં.૫૬ ની સમજ ।▪

મૂર્તિભંડારનું આયોજન હો કે જૈન શિલ્પનું સંગ્રહાલય હો, લુપ્ત કલ્યાણકભૂમિનાં સંશોધનાદિની વાત હો કે જૈન વકીલો-સી.એ. વગેરેનાં 'ફેડરેશન'ની વાત હો : આ કે આવાં આવાં શાસનકાર્યોમાં શ્રાવકોની જરૂરિયાત સ્વાભાવિક જ રહે. આ માટે શ્રમણસંમેલને આ ઠરાવ દ્વારા અઢારે ય સમુદાયો તરફથી સૂચિત થયેલ પાંચ પાંચ શ્રાવકોની કેન્દ્રીય કાર્યવાહક શ્રાવક સમિતિ રચવાનો નિર્ણય કર્યો છે. આ સમિતિનાં કારણે દરેક શાસનકાર્યોમાં દરેક સમુદાયનાં પ્રતિનિધિત્વ ઉપરાંત યોગદાન પણ જળવાશે. આ સમિતિ જરૂર મુજબ અન્યાન્ય પેટા સમિતિ રચીને તે તે શાસનકાર્યો પરિણામદાયીરૂપે ઝડપથી પૂર્ણ કરશે.

## ▪। ઠરાવ નં.૫૭ ની સમજ ।▪

સ્થંડિલ-માત્રું પરઠવવાના પ્રશ્નો લગભગ સર્વત્ર ગંભીર સમસ્યારૂપ બની ગયા છે. વિવેકરહિતપણે પરઠવવા જતાં અજૈનોમાં અને ક્યાંક જૈનોમાં પણ અરુચિ-અપ્રીતિ વધે છે. જે સરવાળે શાસનહીલનારૂપ બને છે. આ ઠરાવમાં સંમેલને સંતુલિત અભિગમ

દાખવીને શાસનઅપભ્રાજના પણ ન થાય અને આચારમર્યાદા પણ સચવાય તેમ પ્રવર્તવાનો નિર્દેશ કર્યો છે.

### ▪। ઠરાવ નં.૫૮ની સમજ ।▪

બિહાર-બંગાળની સરાક જાતિ, બોડેલી વિસ્તારની, પરમાર ક્ષત્રિય જાતિ વગેરે વર્ગો એવા છે જે પૂર્વે જૈન હતા. આજે પણ એ પ્રજામાં જૈનત્વના કેટલાક સંસ્કારો પ્રગટ જોવા મળે છે. આ વર્ગોનું આકર્ષણ જૈનધર્મ તરફ વધે અને સમજણપૂર્વક જૈનધર્માનુયાયી બને એ માટેના પ્રયત્નો અંગે આ ઠરાવમાં નિર્દેશ છે. વર્તમાનની અનેક શાસનપ્રભાવનાઓ કરતાં આવા વર્ગોને જૈનધર્માનુયાયી બનાવવા એ વધુ ચડિયાતી શાસનપ્રભાવના બની શકે.

### ▪। ઠરાવ નં.૫૯ની સમજ ।▪

એક એવી વાસ્તવિક સમજ જૈનોમાં વિસ્તરતી ચાલી છે કે જૈન બાળકોનાં શિક્ષણ માટે લાખો-ક્રોડો રૂ. મિશનરી સ્કૂલોમાં ખર્ચાઈ જાય અને ત્યાં જૈન સંસ્કારોનું ધોવાણ થાય એના કરતા જૈનોની જ શિક્ષણસંસ્થાઓ સ્કૂલ-કોલેજ આદિ બને તે સારો વિકલ્પ છે. આવી સંસ્થાઓની સ્થાપના વધુ સાર્થક ત્યારે બને કે જ્યારે એમાં ધર્મસંસ્કરણનું તત્ત્વ હોય. એથી આ ઠરાવમાં યથાસંભવ ધર્મસંસ્કરણસહિતના શિક્ષણના નિર્દેશ સાથે શ્રાવકસમિતિને તે માટે આગળ વધવાનું સૂચન કરાયું છે.

### ▪। ઠરાવ નં.૬૦ની સમજ ।▪

ઈતિહાસ એક એવો વિષય છે કે જેમાં ભાતભાતની અને પરસ્પર વિસંવાદી વાતો ય મળે. પરંતુ એ ઈતિહાસ જો સંશોધન દ્વારા તથ્યભરપૂર બનાવાય તો એ ભાવિના અનેક કાર્યોમાં ઉપયોગી બને. ઉપરાંત સાચા ઈતિહાસથી સહુ માહિતગાર બને. આ દૃષ્ટિબિંદુથી આ ઠરાવમાં ઐતિહાસિક તથ્યો આધારિત જૈન ઈતિહાસના વોલ્યુમ અંગે નિર્દેશ કરાયો છે.

### ▪। ઠરાવ નં.૬૧ની સમજ ।▪

વર્તમાનમાં જૈન સંઘના તિથિ આદિના નિર્ણય, જૈનેતરો દ્વારા તૈયાર થતાં 'જન્મભૂમિ' પંચાંગના આશ્રયપૂર્વક, શાસ્ત્ર અને શાસ્ત્રમાન્ય અવિચ્છિન્ન સુવિહિત સામાચારી મુજબના સંસ્કાર સાથે થાય છે. કેટલાકનું મન્તવ્ય એવું છે કે જો જૈન શાસ્ત્રોના આધારે જૈન પંચાંગ તૈયાર કરાય તો જૈનેતર પંચાંગનો આધાર લેવો ન પડે.

ઉપરાંત તિથિના ભેદોનું નિવારણ થાય. આ રીતનું શાસ્ત્રાનુસારી જૈન પંચાંગ બની શકે અને તિથિભેદ મટી શકે કે કેમ ? તેનો ઊંડો અભ્યાસ કરવાનો ઉપક્રમ આ ઠરાવ દ્વારા કરાયો છે. જ્યાં સુધી તેવું સાર્વત્રિક સંતોષકારક પંચાંગ ન બની શકે ત્યાં સુધી સૌએ પૂર્વોક્ત વર્તમાન પદ્ધતિએ જ આરાધના કરવી-કરાવવી.

## ▪। ઠરાવ નં.૯૨ ની સમજ ।▪

શ્રી શત્રુંજયતીર્થાધિરાજ સૃષ્ટિનું સર્વોચ્ચ અને (પ્રાયઃ) શાશ્વત તીર્થ છે. લાખો જૈનોની આસ્થા જ્યાં અનન્યભાવે જોડાયેલી છે તેવા આ મહાતીર્થમાં આશાતનાઓથી લઈને અતિક્રમણ સુધીની અનેક ગંભીર સમસ્યાઓ છે કે જેના ઉપાયો પણ એટલી જ ગંભીરતા અને પરિપક્વતાપૂર્વક કરવા જેવા છે. શ્રમણસંમેલને આવો ગંભીર અભિગમ દાખવીને શ્રી શત્રુંજયગિરિરાજ સંબંધી સમસ્યાઓના તલસ્પર્શી અભ્યાસ અને તેના નિરાકરણ માટે શ્રમણસમિતિ દ્વારા કાર્ય કરવાનો નિર્ણય આ ઠરાવરૂપે કર્યો છે. આ સમિતિ શ્રી આણંદજી કલ્યાણજી પેઢીને સાથે રાખી તેમના દ્વારા આ કાર્ય સંગીનરૂપે કરાવશે.

## ▪। ઠરાવ નં.૯૩ ની સમજ ।▪

જીવદયા-પાંજરાપોળ-અબોલ પ્રાણીઓ માટે જૈનો દ્વારા જે દાન વહાવાય છે અને જૈન સંઘો-જૈન સંસ્થાઓ દ્વારા જેટલું કાર્ય થાય છે તેટલું કદાચ અન્ય કોઈ દ્વારા થતું નહિ હોય. આમ છતાં અલગ અલગ કાર્યપદ્ધતિનાં કારણે પરસ્પર પદ્ધતિનો ટકરાવ, એક સ્થળે જરૂરથી વધુ દાનનો ભરાવો અને બીજે જરૂરિયાતપૂર્તિનો પણ અભાવ વગેરે જે સમસ્યા સર્જાય છે તેને દૂર કરવા માટે આ ઠરાવ દ્વારા કેન્દ્રીયસમિતિ રચીને તેની દેખરેખ નીચે સર્વ જીવદયાપ્રવૃત્તિ સંકલિત કરવાનો નિર્દેશ કરાયો છે. જેથી ઉપરોક્ત જેવી સમસ્યાઓ સુલઝાઈ શકશે.

# ...પરિશિષ્ટ-૧...

## વિરાટ તપાગચ્છીય શ્રમણ સંમેલનમાં ઉપસ્થિત પદસ્થ ભગવંતોની નામાવલિ

### પ.પૂ.આ. **શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી** મ.સા.
પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વર્ધમાનસાગરસૂરીશ્વરજી** મ.સા.
પરમ પૂજ્ય આચાર્ય **શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી** મ.સા.
પરમ પૂજ્ય આચાર્ય **શ્રી અજયસાગરસૂરીશ્વરજી** મ.સા.
પરમ પૂજ્ય ગણિવર્ય **શ્રી પ્રશાંતસાગરજી** મ.સા.

---

### પ.પૂ.આ. **શ્રી વિ. નેમિસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય **શ્રી વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજ સાહેબ
પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય શ્રેયાંસચંદ્રસૂરીશ્વરજી** મહારાજ સાહેબ
પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય પ્રદ્યુમ્નસૂરીશ્વરજી** મહારાજ સાહેબ
પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય શીલચંદ્રસૂરીશ્વરજી** મહારાજ સાહેબ
પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય ધર્મધ્વજસૂરીશ્વરજી** મહારાજ સાહેબ
પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય રાજહંસસૂરીશ્વરજી** મહારાજ સાહેબા
પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય સોમસુંદરસૂરીશ્વરજી** મહારાજ સાહેબ
પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય અનંતકીર્તિસૂરીશ્વરજી** મહારાજ સાહેબ
પરમ પૂજ્ય ઉપાધ્યાય **શ્રી પુંડરીકવિજયજી** મહારાજ સાહેબ
પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી ગુણશીલવિજયજી** મહારાજ સાહેબ
પરમ પૂજ્ય ગણિવર્ય **શ્રી સંઘચંદ્રવિજયજી** મહારાજ સાહેબ
પરમ પૂજ્ય ગણિવર્ય **શ્રી ધર્મકીર્તિવિજયજી** મહારાજ સાહેબ

## પ.પૂ.પં. **શ્રી ધર્મવિજયજી** મહારાજા (ડહેલાવાળા)નો **સમુદાય**

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય **શ્રી વિજય અભયદેવસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય રત્નચંદ્રસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય જગચ્ચંદ્રસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય પીયૂષભદ્રસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી મોક્ષરત્નવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય ગણિવર્ય **શ્રી ઉદયરત્નવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય ગણિવર્ય **શ્રી કલ્પજ્ઞવિજયજી** મહારાજ સાહેબ

---

## પ.પૂ.આ. **શ્રી વિ. લબ્ધિસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય રાજયશસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય વારિષેણસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય યશોવર્મસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય પદ્મયશસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય વિનયસેનસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય રત્નયશસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય અજિતયશસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય ઉપાધ્યાય **શ્રી વિશ્રુતયશવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી ભાગ્યયશવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી દર્શનયશવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પ્રવર્તક **શ્રી વજ્રસેનવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પ્રવર્તક **શ્રી વજ્રયશવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય ગણિવર્ય **શ્રી વીતરાગયશવિજયજી** મહારાજ સાહેબ

## પ.પૂ.આ. **શ્રી વિ. કેશરસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય **શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય ઉદયપ્રભસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી વિજ્ઞાનપ્રભવિજયજી**,મહારાજ સાહેબ

✻

## પ.પૂ.આ. **શ્રી વિ. નીતિસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય **શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય અનંતભદ્રસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય લલિતપ્રભસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય મુક્તિનિલયસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય અર્હંપ્રભસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી પ્રશમેશપ્રભવિજયજી** મહારાજ સાહેબ

✻

## પ.પૂ.આ. **શ્રી સાગરાનંદસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય **શ્રી દોલતસાગરસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી નંદીવર્ધનસાગરસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી અશોકસાગરસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી જિનચંદ્રસાગરસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી ચંદ્રશેખરસાગરસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી હર્ષસાગરસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી જયરત્નસાગરસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી સાગરચંદ્રસાગરસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી પૂર્ણચંદ્રસાગરસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી અક્ષયચંદ્રસાગરસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય ઉપાધ્યાય **શ્રી સૌમ્યચંદ્રસાગરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી મતિચંદ્રસાગરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય ગણિ **શ્રી વિરાગચંદ્રસાગરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય ગણિ **શ્રી મેઘચંદ્રસાગરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય ગણિ **શ્રી દર્શનચંદ્રસાગરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય ગણિ **શ્રી તીર્થચંદ્રસાગરજી** મહારાજ સાહેબ

*

## પ.પૂ.આ. **શ્રી વિ. સિદ્ધિસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય યશોવિજયસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય રાજપુણ્યસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય ભાગ્યેશવિજયસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય નરરત્નસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી પુંડરીકરત્નવિજયજી** મહારાજ સાહેબ

*

## પ.પૂ.મુનિ **શ્રી મોહનલાલજી** મહારાજનો **સમુદાય**

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય **શ્રી વિજય કીર્તિસેનસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

*

## પ.પૂ.આ. **શ્રી વિ. શાંતિચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય **શ્રી વિજય રાજશેખરસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય રત્નાકરસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય ઉપાધ્યાય **શ્રી રત્નત્રયવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી રાજપદ્મવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી રાજરત્નવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી રાજહંસવિજયજી** મહારાજ સાહેબ

**પ.પૂ.આ. શ્રી વિ. પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાનો સમુદાય**

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય રત્નસુંદરસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય અભયશેખરસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય પદ્મસુંદરસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય રવિરત્નસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય અક્ષયબોધિસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય મુક્તિવલ્લભસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય મેઘદર્શનસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય યશોવિજયસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી નિપુણચંદ્રવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી વૈરાગ્યરત્નવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી યુગસુંદરવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી કલ્પરક્ષિતવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી મુનીશરત્નવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી મેઘવલ્લભવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી ઉદયવલ્લભવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી હ્રદયવલ્લભવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી જયેશરત્નવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી જિતરક્ષિતવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય ગણિવર્ય **શ્રી યશકલ્યાણવિજયજી** મહારાજ સાહેબ

*

**પ.પૂ.આ. શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજાનો સમુદાય** (વિમલગચ્છ)

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય **શ્રી પ્રદ્યુમ્નવિમલસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

## પ.પૂ.આ. **શ્રી વિ. કલાપૂર્ણસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય **શ્રી વિજય કલાપ્રભસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય કલ્પતરુસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય કુમુદચંદ્રસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય મુનિચંદ્રસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી હેમચંદ્રવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી વિમલપ્રભવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી આનંદવર્ધનવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી આત્મદર્શનવિજયજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી અજિતશેખરવિજયજી** મહારાજ સાહેબ

*

## પ.પૂ.આ. **શ્રી વિ. ધર્મસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી રશ્મિરત્નવિજયજી** મહારાજ સાહેબ

*

## પ.પૂ.આ. **શ્રી વિ. ભક્તિસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય શીલરત્નસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય આચાર્ય **શ્રી વિજય કલ્પેન્દ્રસૂરીશ્વરજી** મહારાજ સાહેબ

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી મહાનંદવિજયજી** મહારાજ સાહેબ

*

**નોંધ :- પ.પૂ.આ. શ્રી વિ. વલ્લભસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના આચાર્યભગવંતો પણ આ સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા.**

# પરિશિષ્ટ-૨
# અખિલ ભારતીય શ્રાવક સમિતિ

**1.** પ.પૂ.આ. **શ્રી વિ. ભક્તિસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

**શ્રી વિમલભાઈ મહિપતરાય શાહ**........................મુંબઈ

**શ્રી વસંતભાઈ મફતલાલ દોશી**.................... અમદાવાદ

**શ્રી ગિરીશભાઈ જયંતીલાલ શાહ**........................મુંબઈ

**શ્રી હર્ષદભાઈ જયંતીલાલ શાહ**............................થરા

**શ્રી સુનીલભાઈ સોમાલાલ પંચાણી**............... અમદાવાદ

**2.** પ.પૂ.આ. **શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

**શ્રી હેમેન્દ્રભાઈ જયંતીલાલ શાહ**..................ગાંધીનગર

**શ્રી મનહરભાઈ સેવંતીલાલ શાહ**........................મુંબઈ

**શ્રી ભૂપેન્દ્રભાઈ શાંતિલાલ વોરા**..........................મુંબઈ

**શ્રી અમિતભાઈ પ્રકાશભાઈ શાહ**........................મુંબઈ

**શ્રી મહેન્દ્રભાઈ પુખરાજજી દાંતેવાડિયા**...............ચેન્નઈ

**3.** પ.પૂ.આ. **શ્રી વિ. નેમિસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

**શ્રી મુકેશભાઈ મગનલાલ દોશી**.................. જેસરવાળા

**શ્રી નીતિનભાઈ શાંતિલાલ દોશી**........................મુંબઈ

**શ્રી રમેશભાઈ વિ. શાહ**..............................ભાવનગર

**શ્રી પ્રવીણભાઈ આત્મારામ**......................... અમદાવાદ

**શ્રી પરેશભાઈ પટવા**.......................................સુરત

## 4. પ.પૂ.આ. **શ્રી વિ. ધર્મસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

**શ્રી સુરેશભાઈ દેવચંદ સંઘવી**..............................મુંબઈ

**શ્રી રમેશભાઈ વાડીલાલ શાહ**..............................મુંબઈ

**શ્રી ચંદ્રકાંતભાઈ રમણલાલ ઘડિયાળી**...............ડભોઈ

**શ્રી શૈલેષભાઈ છીતાલાલ શાહ**.........................વડોદરા

**શ્રી મિતેશભાઈ વસંતલાલ શેઠ**..........................મુંબઈ

## 5. પ.પૂ.આ. **શ્રી વિ. પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

**શ્રી કલ્પેશભાઈ વિ. શાહ**..........................અમદાવાદ

**શ્રી જયેશભાઈ ભણશાળી**..........................અમદાવાદ

**શ્રી ડૉ. સંજયભાઈ શાહ**....................................સુરત

**શ્રી પ્રકાશભાઈ શાહ**.................................... નડિયાદ

**શ્રી રાજેશભાઈ વોરા**......................................મુંબઈ

## 6. પ.પૂ.પં. **શ્રી ધર્મવિજયજી** મ.સા. (ડહેલાવાળા)નો **સમુદાય**

**શ્રી કનુભાઈ ફોજાલાલ દોશી**.........................નવસારી

**શ્રી પોપટલાલ અગરાજી શાહ**.............................મુંબઈ

**શ્રી કીર્તિકુમાર શાન્તિલાલજી મુથા**.....................ચેન્નઈ

**શ્રી દિનેશભાઈ કાન્તિલાલ શાહ**.................અમદાવાદ

**શ્રી હસમુખભાઈ ચીમનલાલ મહાજની**.................સુરત

## 7. પ.પૂ.આ. **શ્રી વિ. લબ્ધિસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

**શ્રી ઉત્તમચંદજી ભંડારી**...................................બેંગ્લોર

**શ્રી કેતનભાઈ રતિલાલ શાહ**.....................અમદાવાદ

**શ્રી દિનેશભાઈ ઠળીયાવાળા**.............................મુંબઈ

**શ્રી બિપીનભાઈ શાહ**.........................................સુરત

**શ્રી રાજેન્દ્રભાઈ દલાલ**..................................હૈદ્રાબાદ

## 8. પ.પૂ.આ. **શ્રી વિ. નીતિસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

**શ્રી જયંતીલાલ જીતમલજી**.......................... અમદાવાદ

**શ્રી વસ્તીમલ એમ. શાહ**..................................મુંબઈ

**શ્રી વિક્રમ સુમતિલાલ શાહ**.............................પાટણ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પાનાચંદ શાહ**............................સુરત

**શ્રી રાજેશભાઈ બી. શેઠ**...................................સુરત

## 9. પ.પૂ.આ. **શ્રી વિ. કેશરસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

**શ્રી ભીખુભાઈ સી. ચોક્સી**.......................... અમદાવાદ

**શ્રી દિનેશભાઈ બી. રાઠોડ**...............................મુંબઈ

**શ્રી કમલેશભાઈ એમ. મેહતા**............................મુંબઈ

**શ્રી કાન્તિભાઈ એચ. ઓસવાલ**...........................પૂના

**શ્રી સુનિલભાઈ જી. નિંબજીયા**...........................ચેન્નઈ

## 10. પ.પૂ.આ. **શ્રી સાગરાનંદસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

**શ્રી નિરંજનભાઈ ગુલાબચંદ ચોક્સી**..................મુંબઈ

**શ્રી શૈલેષભાઈ અમરચંદ ઝવેરી**..........................મુંબઈ

**શ્રી પ્રદીપભાઈ ગુલાબચંદ ચોક્સી**.......................મુંબઈ

**શ્રી હરીશભાઈ શાંતિલાલ ઉદાણી**.......................મુંબઈ

**શ્રી વિનોદભાઈ બાબુલાલ શાહ**..........................સુરત

## 11. પ.પૂ.આ. **શ્રી વિ. સિદ્ધિસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

**શ્રી પ્રવીણભાઈ હીરાલાલ અંબાણી**......................સુરત

**શ્રી કીર્તિભાઈ રમણલાલ શાહ**...........................મુંબઈ

**શ્રી વસંતભાઈ ઈશ્વરલાલ વીરવાડિયા**..................મુંબઈ

**શ્રી પ્રકાશભાઈ ચંદુલાલ અંબાણી**........................સુરત

**શ્રી જીતેન્દ્રકુમાર મણીલાલ સંઘવી**................ અમદાવાદ

12. પ.પૂ.આ. **શ્રી વિ. નિત્યાનંદસૂરીશ્વરજી** મહારાજા

**શ્રી શુભકાંત જૈન**..........................................દિલ્હી

**શ્રી માણેકભાઈ મેહતા**....................................મુંબઈ

**શ્રી ઈન્દ્રચંદ રાણાવત**.....................................મુંબઈ

**શ્રી હિતેશભાઈ શાહ**......................................બરોડા

**શ્રી કેતન શાહ**..........................................અમદાવાદ

13. પ.પૂ.આ. **શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય** (વિમલગચ્છ)

**શ્રી કુમારપાળભાઈ વિ. શાહ**............................કલિકુંડ

**શ્રી મયંકભાઈ પ્રવીણચંદ્ર શાહ**..........................મુંબઈ

**શ્રી સંદીપકુમાર ચંપાલાલજી કોઠારી**....................મુંબઈ

**શ્રી નરેશભાઈ અમૃતલાલ શાહ**..........................મુંબઈ

**શ્રી મહેન્દ્રકુમાર નેમિચંદજી બાફના**...................મુંબઈ

14. પ.પૂ.આ. **શ્રી વિ. શાંતિચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાનો **સમુદાય**

**શ્રી ચંપકલાલ કાલિદાસ શેઠ**.......................અમદાવાદ

**શ્રી પં. જીતેન્દ્રભાઈ બી. શાહ**.....................અમદાવાદ

**શ્રી લલીતભાઈ જૈન**.......................................મુંબઈ

**શ્રી દિનેશભાઈ શાહ**.................................અમદાવાદ

**શ્રી પ્રકાશભાઈ બાબુલાલ રાઠોડ**.....................બેંગ્લોર

15. પ.પૂ.મુનિ **શ્રી મોહનલાલજી** મ.સા.નો **સમુદાય**

**શ્રી પ્રફુલભાઈ એ. ઝવેરી**................................મુંબઈ

**શ્રી પ્રદીપભાઈ કે. ઝવેરી**................................મુંબઈ

**શ્રી હિમાંશુ જે. 'નગરશેઠ**................................સુરત

**શ્રી નરેશભાઈ જે. મદ્રાસી**................................સુરત

**શ્રી મયંકભાઈ કાન્તિલાલ શાહ**.....................અમદાવાદ

## 16. પ.પૂ.આ. શ્રી વિ. ધર્મધુરંધરસૂરીશ્વરજી મહારાજા

શ્રી કનકરાજજી પરમાર ....................................મુંબઈ

શ્રી સુરેશ જી. પાટની.......................................લુધિયાના

શ્રી પ્રવીણ જી. મહેતા .......................................મુંબઈ

શ્રી સિદ્ધાર્થભાઈ શાહ........................................મુંબઈ

શ્રી નિર્મલ જી. જૈન............................................દિલ્લી

## 17. પ.પૂ.આ. શ્રી વિ. કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાનો સમુદાય

શ્રી ધીરજલાલ વેલજી કુબડીયા...........................મુંબઈ

શ્રી રાયશી લખધીર ગડા...................................મુંબઈ

શ્રી પારસમલ કે. જૈન.......................................ચેન્નઈ

શ્રી હિરેન દિનેશચંદ્ર શાહ ..................................મુંબઈ

શ્રી ચન્દ્રેશ શાહ ...............................................માંડવી

## 18. પ.પૂ.આ. શ્રી વિ. હિમાચલસૂરીશ્વરજી મહારાજાનો સમુદાય

શ્રી વિપુલભાઈ કે. ગાંધી.....................................મુંબઈ

શ્રી ઈન્દ્રસિંહ ધુપિયા.............................................સુરત

શ્રી નયનેશભાઈ સી. શાહ ...................................મુંબઈ

શ્રી કનૈયાલાલ એમ. પામેચા..............................પાલઘર

શ્રી હિમાંશુભાઈ વી. દોશી ...................................મુંબઈ

# પરિશિષ્ટ - 3

* દરેક જૈન સંઘ શાસ્ત્રો-પરંપરાને અનુસરતી ડીઝાઈનવાળા મંગલ બનાવે.
* કુલ આઠ મંગલ હોવાથી આઠ અલગ અલગ 'પીસ' બનાવવા.
* દરેક મંગલ સાધારણ દ્રવ્યમાંથી જ બનાવવા.
* દરેક મંગલની ઉપર દોરી યા સાંકળ ભરાવી શકાય તેવી કડી રાખવી.
* દરેક મંગલદીઠ એકેક ચડાવો બોલી તેના દર્શન કરાવવા.

# નોંધ

# નોંધ






# ભવ્યાતિભવ્ય પ્રવેશ યાત્રા






ત્યારે તમોને જેમણે જોયા હશે
તે ધન્ય છે !

